પ્રકાશિત દર માસની ૧૦ તારીખે
વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-

હરિઃ ૐ

# હરિભાવ

વર્ષ : ૧૭ - અંક : ૧૦

જુલાઈ, ૨૦૧૩



ઈશ્વર નિરાકાર છે, પણ અર્જુનની જેમ ઈશ્વરના પ્રતિનિધિરૂપ સંતોની દોસ્તી કરો. હરિ મળવો દુર્લભ છે, પણ હરિજન દુર્લભ નથી.

જેમ જેમ સત્સંગ, સદ્‌વાંચન, સત્કર્મ, પરમાર્થ વધતાં જશે તેમ તેમ ઈશ્વર વિશે ભાવ જાગશે અને કૃપા કરીને એ આપણા મનમાં સ્થાન જમાવવા માંડશે.

માટે બેસી ના રહો. ચાલવા માંડો.

- શ્રીમોટા

'શ્રીમોટા સાથે વાર્તાલાપ', સાતમી આવૃત્તિ, પૃ. ૯૭



માયાને તરી જવાનું કામ યુગો થયાં સિદ્ધ પુરુષોએ મનુષ્ય જાતને સોંપ્યું છે. સૃષ્ટિના દ્વૈતની ઉપરવટ થઈને સૃષ્ટિકર્તાના અદ્વૈતનો અનુભવ કરવો, એ માણસનું ઊંચામાં ઊંચું ધ્યેય મનાયું છે.

જેઓ આ વિશ્વની ભ્રાંતિને વળગી રહેશે તેઓને ભરતી અને ઓટ, ચડતી અને પડતી, રાત્રિ અને દિવસ, સુખ અને દુઃખ, ભલું અને બૂરું, જન્મ અને મૃત્યુ, થોડાક હજાર જન્મો લીધા પછી આવું ચક્રાકાર માળખું દુઃખદાયક અને નીરસ પ્રતીત થાય છે, અને તે પછી તે માયાના બંધનોની ઉપરવટ જવા માટે આશાભરી મીટ માંડે છે.

- પરમહંસ યોગાનંદ

 'યોગી કથામૃત', પાંચમી આવૃત્તિ, પૃ. ૩૩૭

રજિ. ઑફિસ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯) ૨૬૬૨૦૭૫૪

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૧૭ અંક : ૧૦ જુલાઈ, ૨૦૧૩

**ટ્રસ્ટીમંડળ**

શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રીમતી નીમા મિનેષ અમીન
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રી પ્રભુદાસ જાની

**'હરિભાવ' અંગે**

૧. 'હરિભાવ' દર મહિનાની દસ તારીખે રવાના કરાય છે.
૨. લવાજમ/ભેટની રકમ **'હરિવાણી ટ્રસ્ટ'**ના નામે ચેક/ડી.ડી./મ.ઑ./રોકડેથી નીચેના સરનામે મોકલવી. ભેટની રકમ ઇન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.

**લવાજમ**

| | ભારત | પરદેશ (ઍરમેઈલથી) |
|---|---|---|
| વાર્ષિક | રૂ. ૫૦/- | રૂ. ૬૦૦/- |
| આજીવન | રૂ. ૫૦૦/- | રૂ. ૬૦૦૦/- |

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**

'હરિવાણી ટ્રસ્ટ'
૧૧, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, છેલ્લા બસ સ્ટૅન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩

**ઇ-બૅંકિંગ માટે :**

ખાતાનું નામ : **હરિવાણી ટ્રસ્ટ**
સેવિંગ્સ ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે તરત જ મોકલવા વિનંતી છે.

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, (૦૭૯)૨૭૫૪૩૬૯૯**

* Subject to Ahmedabad Jurisdiction

## અનુક્રમ

૧. દેહત્યાગ પૂર્વનો અક્ષરદેહ ..................... શ્રીમોટા ૪
૨. ''મોટા''ના જીવનનો ચેતનાત્મક પ્રયોગ ......... શ્રીમોટા ૫
૩. ઉપાસના માટે પ્રયાણ ...................... શ્રીરંગ અવધૂત ૭
૪. આજનું શિક્ષણ : આરામથી, આરામમાં અને આરામ માટે...... વિનોબા ૮
૫. પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ (પૂર્ણ)..ડૉ. અનિલભાઈ ૯
૬. પદ્યપ્રસાદી : મોહ : ૫ ..........................શ્રીમોટા ૧૩
૭. મૃત્યુ એ શરીરની આદત છે ..................... અજ્ઞાત ૧૪
૮. લતાને પત્રો ................................. શ્રીમોટા ૧૭
૯. વચનામૃત .......................... શ્રીસત્ય સાંઈબાબા ૨૧
૧૦. ભારતરત્ન લતા મંગેશ્કર .................... ઉષા જોશી ૨૨
૧૧. શ્રીનારાયણ સ્વામી :
હિમાલયમાં આધ્યાત્મિક આયોજન .......... ગૌતમ ઠાકર ૨૫

## જ્ઞાનદાન

પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં આવવાનું સદ્ભાગ્ય જેઓને બાલ્યાવસ્થાથી મળેલું, પણ જેઓ જ્યારે ત્રણેક વર્ષના હતા ત્યારે જનનીનો દેહાંત થતાં જેઓનો ઉછેર અને સંસ્કારસિંચન દાદીમા દ્વારા થયો હતો, એ સદ્ગત દાદીમા **જડીબા માધવલાલ પટેલ**ની પુણ્યસ્મૃતિમાં હરિભાવના આ અંકના પ્રકાશનમાં શ્રી શાંતિભાઈ એન. પટેલ દ્વારા સહયોગ અપાયો છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

**-સંપાદક**

## (૧) દેહત્યાગ પૂર્વનો અક્ષરદેહ

**- શ્રીમોટા**

*[પૂજ્ય શ્રીમોટાએ તા.૨૩-૭-૧૯૭૬ના રોજ આનંદપૂર્વક દેહત્યાગ કર્યો, તે પહેલાં જે લખાણ કરેલાં, તે જુલાઈ માસ નિમિત્તે અત્રે પ્રકાશિત કરાયાં છે - સં.]*

(૧)

જે કોઈને આ અંગે લાગેવળગે છે તેઓ જોગ :-

હું, ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા' રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ. આથી જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઈચ્છુ છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણનાં કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું તે ઉત્તમ છે. અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.

મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગાએ, મૃત્યુ સ્થળની નજીકમાં કરવો. અને તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો. ઘણાં ભેગાં કરવાં નહિ, તેમ મારા સેવકોને હું ફરમાવું છું.

મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.

મારા નામનું ઈંટ-ચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કાંઈ નાણાભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.

તા.૧૯-૭-૧૯૭૬ **ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફ 'મોટા'**

(૨) **-મોટા**

જેમણે જેમણે મને મદદ કરી છે, મારું કામ કર્યું છે. તેમનો તેમનો આભાર માનું છું. ભગવાન તેમનું યશ કલ્યાણ કરો.

(૩)

અમારાનું અમે છાનું રાખ્યું છે ના, બધું ખુલ્લે ખુલ્લું સરળ સરળ રીતે લખેલું. ન લખાયેલું, ન વિદ્વાનોએ, ન કવિઓએ કદી પણ ન લખેલું છે. અમે અમારી મેળે તો કદી ન લખેલું છે. કદી કોઈના કહેવાથી ને પૈસા તેના દેવાથી અમે એનું એમ લખેલું. કદી પણ ગુજરાતી સાહિત્યમાં ન લખાયેલું લખેલું. ('નિમિત્ત, 'શ્રદ્ધા', 'શ્રીસદ્‌ગુરુ', 'ભાવ' 'રાગદ્વેષ', 'સ્વાર્થ') એવું એવું કોઈને સૂઝેલું ને લખેલું. તેનો જશ મારા પ્રભુને ફાળે જાય. કદી વિચારીને લખ્યું નથી. દરેક કાવ્ય થોડાક વખતમાં લખેલું, ને તે પણ લખાણના પૈસા મળેલા છે ત્યારે.

(૪)

ઉમળકાથી અમે કરેલું છે, નિરાશાને તો અમે સ્વપ્ને ન જાણી છે. આવેલાં કામને પૂરા હર્ષથી સ્વીકાર્યું છે. ગુરુમહારાજ હુક્મને આનંદથી પાળ્યો,

(૫)

ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે, માણસ જેવા થઈ આપણા આગળ થઈને જે તે આપણું ઉકેલી આપે છે. ખરે વખતે ખરા વખતના ભક્તનું ન અટકી રાખે છે. નિજના ભક્તનું કામ કદી પણ ન અટકાવે છે.

**'પદની રજધૂલિકાનો પ્રતાપ' પ્ર.આ.માંથી સાભાર સંકલન**

*[સ્વજનોનો વિશાળ વર્ગ ઉપરોક્ત વિગતોથી તેમ જ દેહત્યાગ સમયે છ જણની હાજરી અંગે અને અંતિમ અગ્નિસંસ્કાર વિશે જાણકાર તો છે જ, છતાં હરિભાવ પરિવારના કેટલાકને પૂર્ણ ખ્યાલ ન હોવાની શક્યતાને ધ્યાનમાં રાખી, એ છ સ્વજનો આ મુજબ હતાં. (૧) શ્રી નંદુભાઈ (૨) શ્રી રમણભાઈ અમીન (૩) શ્રીમતી ધીરજ બહેન અમીન (૪) શ્રી રામભાઈ પટેલ (૫) ડૉક્ટર શ્રીમતી કાંતાબહેન પટેલ અને (૬) શ્રી રાજુભાઈ પટેલ. ઉપરોક્ત છ પૈકી પાંચનાં દેહાંત થયાં છે. અને શ્રી રાજુભાઈ પટેલ હાલ અમેરિકા છે.*

*તા. ૨૩-૭-૧૯૭૬ ની સવારે ૬-૧૦ મિનિટે શ્રીમોટાના દેહને અગ્નિસંસ્કાર શ્રી રમણભાઈ અમીનના હસ્તે દેવાયો હતો અને ફરમાન મુજબ અસ્થિ રાખ વગેરે પાવડાથી ખેંચીને નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાયાં હતાં. ઘીનો દીવો, અગરબત્તી કે સુખડના કાષ્ઠ વિના લાકડાંની ચિતા ગોઠવવામાં આવી હતી. -સં.]* ❑

## (૨) 'મોટા' ના જીવનનો ચેતનાત્મક પ્રયોગ

**- શ્રીમોટા**

સાધનાપંથમાં વિકાસ થતાં થતાં શ્રેયાર્થીને સૌ પ્રથમ **તટસ્થતા**નો અનુભવ થતો હોય છે. તે તટસ્થતા જ્યારે તેના સંપૂર્ણ પરિપક્વપણાની સ્થિતિમાં જીવતી પ્રગટી ગયેલી હોય છે, ત્યારથી જ શ્રેયાર્થીના જીવનનો ઊર્ધ્વ વિકાસ સતત ચાલ્યા કરવાની સ્થિતિમાં મુકાઈ જતો હોય છે.

આવી સક્રિય ચેતનાત્મક તટસ્થતા જો પ્રગટેલી હોય છે, તો કંઈ જ કશામાં તેનાથી ભેળવાઈ જવાતું નથી. તે કંઈ કશામાં સંપૂર્ણપણે લપેટાઈ પણ ન જાય. તે કિનારા પર ઊભો રહીને જે તે બધું પસાર થતું નીરખી શકે છે. આવી તટસ્થતાની ભૂમિકા પાકી જાય છે, તે વેળાથી જ જીવનવિકાસના ઊર્ધ્વ પ્રયાણનો માર્ગ વિશેષ ને વિશેષ મોકળો બનતો જાય છે.

તટસ્થતાની આવી સંપૂર્ણ પરિપક્વપણાની ભૂમિકા પછી **સમતા**ની ભૂમિકા પ્રાપ્ત થાય છે. એવા સમત્વને તો શ્રીગીતા માતાજીએ યોગ કહેલો છે. આ સમતાની ભૂમિકા સાધકના જીવનમાં જ્યારે પ્રગટે છે, ત્યારે એનો યોગ અને શ્રીભગવાનની ભાવનાની સભાનતા (Awareness) સતત, અખંડપણે જીવતીજાગતી પ્રવર્ત્યા કરતી હોય છે. એવું સમત્વ જીવનમાં પ્રગટે છે, ત્યારે એને કોઈ પ્રકારનું બંધન નથી હોતું.

આ પ્રકારે શ્રીભગવાનની સાથેની એના હૃદયની સાંકળ ત્યારે અખંડિત છે અને શાશ્વત પણ છે. બીજાં ગમે તે કર્મોમાં તે પરોવાયેલ હોય તેમ છતાં તે તો સતત શ્રીભગવાનની ધારણાની સભાનતામાં જ હોય છે.

આ ભૂમિકા પછી **સાક્ષીપણા**ની ભૂમિકા પ્રગટે છે અને તે ચેતનના સંપૂર્ણ અનુભવની પરિપક્વ ભૂમિકાનું લક્ષણ છે. શરીર જ્યારે કોઈ પણ રોગથી માંદું હોય ત્યારે તેની સ્વસ્થતા ટકતી નથી. મારા શરીરમાં કોઈ એકાદ રોગ નથી, ઘણા રોગો છે, જેમ કે :-

માથામાં ઝામર, આંખમાં ખીલ, ચામડીનું દર્દ, લોહીના દબાણની અનિયમિતતા (Fluctuating), દમ, આંખનું દર્દ, મૂત્રપિંડ (Prostrate gland)), અનિદ્રા, ગળાનું દર્દ, હરસમસા, કરોડરજ્જુના ત્રણ મણકા વચ્ચેની બે ગાદી ખસી ગયેલી છે, ને જેને કારણે શરીરને સૂઈ રહેવું પડે. ને તેનું દર્દ તો સતત ચાલુ જ રહ્યા કરે...

ઉપરના બધા જ રોગો પીડાકારી અને વેદના ઉપજાવનારા છે. વળી, તે બધા જ રોગો કોઈ ને કોઈ રીતે પરખાઈ શકાય તેવા છે. શરીર જ્યારે પીડાતું હોય ત્યારે મન સંપૂર્ણપણે શરીરમાં વળગેલું રહે છે. **સામાન્ય માનવીનું સમગ્ર જીવન શરીરમાં જ સમાયેલું છે.** તેની સકળ પ્રવૃત્તિના કેંદ્રમાં માત્ર શરીર છે. શરીરની માંદગી જ્યારે વધારે હોય છે ત્યારે મન તેમાં જ એકાકાર થઈ જાય છે. !

એટલે મારા શરીરને જે આટલા બધાં રોગો ને દર્દો મળ્યાં છે, તેને હું ભગવાનની કૃપાપ્રસાદી સમજું છું. આ બધાં જ દર્દો ભારે વેદના પ્રગટાવનારાં છે. તેમ છતાં શ્રીભગવાનની કૃપાથી આશ્રમમાં આવતા બધા જ લોકો સાથે હસીખુશી અને આનંદથી વાર્તાલાપ થાય છે. તેમના જીવનના પ્રશ્નોમાં પણ ભાગ લેવાય છે.

આ ઉપરાંત, જે જે કંઈ પરમાર્થનાં કર્મો હાથ પર લેવાયેલાં છે અને તે માટે જે કોઈ દક્ષિણા આપવાનું સ્વીકારે અને તેવું આમંત્રણ જ્યાં મળ્યું હોય તેવાં અનેક ઠેકાણે જવા-આવવાનું શ્રીપ્રભુ કૃપાથી બન્યા કરે છે. આ એકલા મણકાનું દર્દ જ ભયંકર વેદનાકારી છે. મોટરમાં સૂતાં સૂતાં જવાનું

હોય છે, તેમ છતાં પણ તેવી મુસાફરી કરીને શરીરનું જે આમ તેમ હાલવાનું અથડાવાનું દર્દ ઘણું વધી જતું હોય છે. કરોડરજ્જુનું દર્દ ઘણું વધી જતું હોય છે. આવું હોવા છતાં પણ શ્રીભગવાનની કૃપાથી કોઈ પણ આવો કાર્યક્રમ દર્દને કારણે જતો કરવાનું બન્યું નથી.

આટલા બધા પીડાકારી અને વેદનાકારી રોગ હોવા છતાં રોજ ને રોજ કેટલાં બધાં માણસો સાથે આનંદથી વાર્તાલાપમાં રહી શકાય છે. તે જ નહિ પરંતુ તે તે વખતે પણ આ 'મોટા' તો ભજન લખવાની પ્રક્રિયામાં જ પડ્યા કરેલા હોય છે. એવું દર્શન ને તેવો પ્રત્યક્ષ અનુભવ આશ્રમમાં આવતાં દરેક ભાઈબહેનનો છે.

આટલાં બધાં રોગ ને દર્દ હોવા છતાં એકબાજુથી બધાંની સાથે વાર્તાલાપમાં રોકાવું ને તેય કોઈ પણ જાતની જરા સરખી ઉદાસીનતા, ઉદ્વેગ કે રોગથી પ્રગટતી વેદનાનું કોઈ પણ લક્ષણ વિના આનંદથી વિભોર થઈ બધાંની સાથે ટોળટપ્પા કરવા ને ગમ્મત કરવી એ પણ 'મોટા' નું એક અનોખા પ્રકારનું દર્શન છે.

વળી, તે સાથે સાથે જ ભજનના સર્જનમાં જ પરોવાયેલા રહ્યા કરવું, આવી 'મોટા'ના જીવનની જે વાત્સવિકતા છે ને તે રીતે પણ તેમની પાસે આવનારાઓને માત્ર આટલી સમજણ ભગવાનની કૃપાથી પ્રગટવાની હોય તો પ્રગટી શકે ખરી.

કેટલાક સ્નેહીઓ ને મારા ઉપર લાગણી રાખનાર તથા કેટલાક પ્રતિષ્ઠિત દાક્તરો પણ જે રોગ નસ્તરથી મટી શકે એવા છે તેનું નસ્તર મુકાવડાવીને તે રોગની વેદનાથી મુક્ત થવાની સલાહ આપે છે, પરંતુ મારા દિલની જે એક એવા પ્રકારની સમજણ છે કે આટલાં બધાં પીડાકારી દર્દ હોવા છતાં શ્રીભગવાનની કૃપાથી એની જીવતીજાગતી ચેતનાત્મક ભાવનાથી સભાનતામાં પ્રત્યક્ષપણે રહી શકાયાનો આ તો જીવતોજાગતો એક દાખલો છે.

કેટલીય વાર દૂર દૂરનાં સ્થળે મોટરમાં સૂતાં સૂતાં જવાનું થતું હોય છે, ત્યારે તે 'મોટા'ના શરીરને જે વેદના થાય છે, તે હકીકત વાસ્તવિક હોવા છતાં તેવી પ્રત્યક્ષ વેદનાથી તે આવરાઈ ગયેલો નથી. જ્યાં ત્યાં પહોંચતાંની સાથે જ ત્યાં જે બધાં એકઠાં થયેલાં હોય છે તેમની સાથે વાતોચીતોમાં તુરંત જ રોકાઈ જવાનું બનતું હોય છે ત્યારે શરીરમાં વેદના હોવા છતાં જે સહજ રીતે આ 'મોટા' વર્તે છે, તેવી રીતે સામાન્ય માનવીનું શરીર નહિ વર્તી શકે. **એટલે આ તો શ્રીપ્રભુકૃપાથી 'મોટા'ના જીવનનો જીવતોજાગતો ચેતનાત્મક પ્રયોગ છે.** ❑

**'જીવન તપ', પ્ર.આ.,પૃ.૨૬**

## ગયેલા આત્માને...

પૂજ્ય શ્રીમોટાના સ્વજન **શ્રી ગમનભાઈ આર. પાનવાલા**નો ૮૪ વર્ષની વયે તા. ૨૪-૫-૨૦૧૩ના રોજ ધરમપુર, જિ. વલસાડ મુકામે દેહાંત થયો છે. હરિઃૐ આશ્રમ, સુરતનાં કામોમાં સદ્ગતશ્રી શ્રી ઝીણાકાકા સાથે ખભેખભા મેળવીને વિનમ્રતાથી અને સમર્પિત સદ્ભાવથી સંકળાયેલા હતા. ઉપરાંત, પૂજ્ય શ્રીમોટા વિરચિત વિધિ વિધાન અનુસાર સ્વજનોના મંગલ પ્રસંગો કરાવતા. વિશેષમાં મોટાપોંઢાના જંગલના આદિવાસીઓના ઉત્કર્ષ માટે પણ સક્રિય હતા. શ્રીહરિ ગતાત્માનું યશકલ્યાણ કરે એવી પ્રાર્થના છે.

**-સંપાદક**

# (૩) ઉપાસના માટે પ્રયાણ

**- શ્રીરંગ અવધૂત**

અમદાવાદ
તા. ૩-૧૦-૧૯૨૧

પ્રિય ભાઈ અંબાલાલ,

આજે ઘણે દિવસે કાગળ લખું છું. કાગળ હોય ત્યારે વખતનો અભાવ અને વખત હોય ત્યારે કાગળનો અભાવ અને બંને હોય ત્યારે મન ભટકતું હોય કંઈ આસમાની તરંગોમાં.

માતુશ્રી પણ ઘેર એકલાં હોવા છતાં વખતસર કાગળ નથી જ લખાતો. રોજ ઠપકો આવે છે કે આટલામાં જ તું બધાંને ભૂલી ગયો તો આગળ ઉપર શું નહિ કરે ! બધાંને ભૂલી જઈને એકમાં જ મન પરોવવાની ઇચ્છા તો છે, પણ આજે તો એવી સ્થિતિ નથી.

વડોદરાથી પણ એ જ બૂમ કે વડોદરા કૉલેજ સાથે અસહકાર તેથી શું વડોદરાના માણસો સાથે પણ અસહકાર છે કે શું ? વસ્તુતઃ મેં તો બંનેમાંથી એકની સાથે પણ અસહકાર નથી કર્યો. **મારો તો પાપની સાથે જ અસહકાર છે.** પણ આ બધું એમને કોણ સમજાવે ? તમારે પણ કંઈ આક્ષેપ હોય તો સાંભળવા તૈયાર છું. પણ ભવિષ્યમાં તેનું નિરાકરણ કરવા માત્ર બંધાતો નથી. મારું તો રોજ એમ જ ચાલશે. તમારે બધાંને આ 'પડ્યું પાનું સુધારી' લેવું હોય તો ઠીક છે, નહિ તો 'ગુડબાય ! ગાઈશ હું તો મસ્ત થઈને કે :-

**'हमन से मत मिलो लोगो, हमन खफगी दीवाने हैं ।'**
**खुशी का राह त्यागा है, कठिन में जो समाये हैं.**

આવવું હોય તો આવો, નહિ તો સલામ ! સલામ !! સલામ...!''

એક વિચાર નર્મદાપ્રદક્ષિણાનો છે, પણ સારો સાથી... મળ્યા ઉપર એનો આધાર છે. બીજો વિચાર નર્મદા કિનારે કોઈ એકાંત સ્થળે ઝૂંપડી બાંધી રહેવું એવો છે, પણ ત્યાં ઘરનાં માણસો અને બીજાં ઓળખીતાઓ મને ઠરીને બેસવા દેશે કે કેમ એ પ્રશ્ન છે. એક વિચાર ચાર છ મહિના કેનરી કેજમાં ગાળવા એવો છે પણ એમાં મોદી ઉપર નાહક ભાર નાખવા જેવું છે. વળી, એ મને પચાવી શકશે કે નહિ એ પણ એક પ્રશ્ન છે.

મહાત્મા બનાવી ટોળાં લઈ દર્શન માટે સંઘ કાઢે તો મૂઆ પડ્યા ! એટલે છેવટનો વિચાર હિમાલય તરફ જવાનો થાય છે. એકાંતમાં રહી થોડીક ઉપાસના કરવી એવો વિચાર છે. દિવસે દિવસે વધારે ને વધારે ખાતરી થતી જાય છે અને પરચો પણ આવતો જાય છે કે ઉપાસનાની પરિપક્વતા વગર અંતરદ્વાર ખુલ્લાં થવાનો લેશ પણ સંભવ નથી.

મારે કાશી જઈને થોડોક સમય અભ્યાસ કરવો એવી સલાહ સ્વામી ચંદ્રશેખરની છે. પણ હજી એ પુસ્તકોના કૂચા ક્યાં સુધી ચાવવા ? વળી, મારે જોઈએ છે તે પ્રકારનું નૂર મને શાસ્ત્રીઓ દ્વારા મળી શકશે કે કેમ એની શંકા છે. કદાચ તેઓ વિસ્મય પમાડે પણ હૃદયની શાંતિ નહિ આપી શકે. તેને માટે તો तद्विद्धि प्रणिपातेन... કર્યે જ છૂટકો અને તે પણ श्रोत्रियं ब्रह्मनिष्ठं... પાસે. માટે શુષ્ક શાસ્ત્રાધ્યયન માટે હું કાશી તો નહિ જ જાઉં. જ્યાં શંકા પડશે ત્યાં તેનો ખુલાસો પણ પ્રભુ મોકલી આપશે એવી શ્રદ્ધાથી એકાંતમાં સાધના કર્યા કરવી એ જ ઉત્તમ પક્ષ છે.

મેં ચંદ્રશેખરને આ વાત સમજાવી ત્યારે તેમણે પણ મારી વાતની સત્યતા સ્વીકારી તેને અનુમોદન આપ્યું છે.

માટે ઈશ્વર ઇચ્છા હશે તો જાય છે- આ દાઢીવાળો કાયમને માટે પ્રયાણ કરે છે. જતાં પહેલાં તમને અને મોદીને મળી લેવાની ઇચ્છા હતી પણ એથી નાહક ઊહાપોહ વધી પડવાનો સંભવ છે, માટે એ લાલચ દબાવી દેવી જ ઠીક છે. ❏

**'શ્રીરંગ પત્ર મંજૂસા-૨', પ્ર.આ.,પૃ.૨**

## (૪) આજનું શિક્ષણ : આરામથી, આરામમાં, આરામ માટે

- વિનોબા

આપણા દેશનું દુર્ભાગ્ય છે કે આજના શિક્ષણમાં જ્ઞાન અને કર્મ વચ્ચે કશો મેળ નથી. કામ કરનારાઓ પાસે જ્ઞાન નથી પહોંચતું અને જેમનો બૌદ્ધિક વિકાસ થયો છે, તેઓ કામ નથી કરતા.

**આજનું શિક્ષણ બિલકુલ 'આરામથી, આરામમાં અને આરામ માટે જ' અપાઈ રહ્યું છે.** શિક્ષણ આપનારો ખુરશી પર બેસશે, લેનારો બેંચ પર બેસશે. આરામથી શિક્ષણ આપશે અને આરામથી લેવાશે. વિદ્યાર્થી છોકરા-છોકરીને માબાપ કામ નહિ સોંપે કેમ કે બિચારાં ભણી રહ્યાં છે !

શિક્ષણ મેળવી રહ્યા પછી પણ છોકરા નોકરી શોધશે જેથી કામ ન કરવું પડે. મતલબ કે શિક્ષણ અપાઈ રહ્યું છે તે આરામ માટે છે. તેને કારણે વિદ્યાર્થી સુવિધા પ્રિય થઈ જાય છે. મુશ્કેલીઓથી અને કમર વાળવી પડે તેનાથી એ બચવા માગે છે.

**મહાભારતમાં કહ્યું છે કે સુખાર્થીને વિદ્યા કેવી અને વિદ્યાર્થીને સુખ કેવું ?** વિદ્યા મેળવવા તો બ્રાહ્મ મુહૂર્તની મધુર વેળાએ ઊઠવું પડશે, વ્યાયામ કરવો પડશે, શરીરને સંયમપૂર્વક શિસ્તબદ્ધ રાખવું પડશે, ઇંદ્રિયો પર, પોતાની બુદ્ધિ પર કાબૂ મેળવવો પડશે ત્યારે વિદ્યા મળશે.

વિદ્યાર્થીને એવું શિક્ષણ મળવું જોઈએ કે શિક્ષણથી એ સમર્થ બને, દૂનિયાની સેવા કરવા આગળ આવે અને સમાજ પાસેથી જેટલું લીધું હોય, તેનાથી દસગણું તેઓ બીજાને આપી શકે. જેમ એક શેર બીજ ખેતરમાં વાવીએ તો તે પચીસ શેર બનીને ખેતરમાંથી આપણને મળે છે, તેમ વિદ્યાર્થીઓની ચિત્તભૂમિમાં વવાયેલાં બીજ દસ-વીસગણાં થઈને સમાજને મળવાં જોઈએ.

પરંતુ આજનું શિક્ષણ એટલે વાંચવું, લખવું અને ખુરશી ઉપર બેસીને હુકમ આપવા. વિદ્યા મેળવવી એટલે કે જાણે કામ છોડવું ! **ભણેલા લોકોને કામ કરવામાં શરમ આવે છે.** આ બિલકુલ ખતરનાક હાલત છે. આજની તેની હાલત જોઈને મને તો એમ કહેવાનીં હિંમત જ નથી થતી કે બધાંને સાક્ષર બનાવો તો સમાજનું કલ્યાણ થશે.

સ્કૂલ-કૉલેજને 'વિદ્યાલય' કહે છે, એટલે કે વિદ્યાનું સ્થાન. પરંતુ આજે આ વિદ્યાલયનો અર્થ થઈ ગયો છે - જ્યાં વિદ્યાનો લય થાય છે. જ્યાં વિદ્યા લુપ્ત થાય છે. આજે આપણા દેશમાં હજારો વિદ્યાલયોમાં લાખો વિદ્યાર્થીઓ ભણે છે, પરંતુ તેઓ એકવાર પરીક્ષા આપે કે પછી જાણે જુલાબ લીધો હોય તેમ એમના જ્ઞાનનું રેચન થઈ જાય છે. એમનું બધું જ્ઞાન ખતમ થઈ જાય છે. **આજના શિક્ષણને જીવન સાથે કોઈ સંબંધ નથી.**

નઈ તાલીમનો એક સીધો સાદો વિચાર છે કે જ્ઞાન અને કર્મનો સમન્વય થાય. વિદ્યાલયમાં ખેતરનું વાતાવરણ અને ખેતરમાં વિદ્યાલયનું વાતાવરણ હોય. શ્રમમાં જ્ઞાન અને જ્ઞાનમાં શ્રમ, તાણાવાણાની જેમ ઓતપ્રોત હોવા જોઈએ.

આજકાલ યુરોપ અને અમેરિકામાં અનેક નવાં નવાં શાસ્ત્રો રચાયાં છે. એ બધું આપણે તેમની પાસેથી શીખવાનું છે, પરંતુ તેની સાથોસાથ આપણું પોતાનું જે છે તેને ઓળખવાનું પણ છે. વિદ્યાનો આરંભ હિંદુસ્તાનમાં થયેલો. શિક્ષણ શાસ્ત્રના જે ગ્રંથો સંસ્કૃત ભાષામાં છે, તે બધામાં પતંજલિનું 'યોગસૂત્ર' શિરોમણિ ગ્રંથ છે. તેમાં શિક્ષણની બાબતમાં માનસ અને અતિમાનસ એમ બેઉ દૃષ્ટિએ વિચાર કરવામાં આવ્યો છે.

ભારત ઉપર સ્થાયી અસર રાજાઓની નહિ, પણ આચાર્યની જ રહી છે. લગ્ન-વિવાહ વગેરે પણ આચાર્યોના નિર્દેશ અનુસાર ચાલતા આવ્યા છે. ભારતને સંતો, ફકીરો અને આચાર્યોએ ઘડ્યો છે.❑

**'ભૂમિપુત્ર' તા. ૧-૫-૨૦૧૩માંથી સાભાર**

## (૫) પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ - (પૂર્ણ)

-ડૉ. અનિલભાઈ

(ગતાંકથી આગળ)

સાપ તો ઝીણાભાઈના પગ સાથે અથડાઈને એક ક્ષણવારમાં જતો રહ્યો, પણ સાપનો ભય તે પછી વર્ષો સુધી ગયો નહિ.

બીજે દિવસે શ્રી ઝીણાભાઈએ શ્રીમોટાને પત્ર લખી બધી વિગત જણાવી. શ્રીમોટાએ જવાબમાં લખ્યું કે 'સાપ તો અમારે અહીં પણ છે. દિવસે દેખીયે છીએ. પાંચ ફૂટ લાંબો સાપ મેં અને નંદુભાઈએ બે વાર જોયો છે. અને એકવાર તો મારા પગે પણ અટવાઈ પડેલો. આપણે તેથી બીવું નહિ. જેનો ભય રાખીએ તેનાથી આપણને વધુ નુકસાન થવા સંભવ છે અને આપણે તો બધી જાતનો ભય છોડવાનો છે. માત્ર તારે પગમાં જોડા પહેરવા, ચંપલ નહિ. જોડા ન હોય તો મોચી કને સિવડાવી લેજે. તેની કિંમત હું તને આપી દઈશ.

આશ્રમમાં બને તેટલી જગા સાફસૂથરી રાખવી. બધું નીંદી નાખવું. ફૂદીનો વાવી રાખજે અને ચણોઠી જમીનમાં વાવી રાખવી. ચણોઠીનાં પાનાં રોજ મારે ચામાં લેવાનાં હોય છે, અજમાનો છોડ વાવ્યો હશે. **આપણે સવારે પાંચ વાગ્યે તો ઊઠવું જોઈએ.** ધીરે ધીરે પ્રયત્ન કરજે.

શ્રીમોટા તા. ૨૨-૪-૧૯૫૬, રવિવારે સવારે નડિયાદથી આવ્યા. પુષ્પાબહેન દલાલ, મથુરી બહેન ખરે, કુબેરભાઈ ભાવસાર વગેરે છ જણ સાથે શ્રીમોટા આવ્યા હતા. તે સાંજે બધાં કુરુક્ષેત્રમાં જમ્યાં, રાત્રે કુરુક્ષેત્રમાં શ્રીમોટા રાત રહ્યા.

તા. ૨૩-૪-૧૯૫૬ ની રાત્રે ૧૨ વાગ્યે મૌનરૂમ ૧ અને ૨ ની જગ્યામાં ભૂમિપૂજન થયું. પુષ્પાબહેન દલાલ હસ્તે સોનું, ચાંદી, તાંબું, હીરો, માણેક, શ્રીફળ વગેરેનો કુંભ જમીનમાં પધરાવાયો. શ્રી નંદુભાઈએ તે પછીથી એક પત્રમાં લખેલું કે આ દિવસે 'શ્રીમાતાજી (પોંડીચેરી)માં બોલ્યાં હતાં કે કોઈ મહાન શક્તિનું અવતરણ થઈ રહ્યું છે.'

ભીખુકાકા અને તેમનાં પત્ની વિદ્યાકાકી માટે બે ઝૂંપડાં બનાવવામાં આવ્યાં હતાં. વિદ્યાકાકી બધાં માટે રસોઈ ને ચાપાણી કરતાં. સિમેંટની ખેંચ રહેતી પણ જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ શ્રી પ્રેમશંકર ભટ્ટ સાથે શ્રી ભીખુકાકાના સંપર્કના કારણે ઉછીની થેલીઓ મળી રહેતી પણ કામ અટકતું નહિ. ભીખુકાકાએ નંદરબારથી સાગનું લાકડું મંગાવી રાખ્યું હતું. આશ્રમના કૂવાનું પાણી ખારું હતું એટલે ચણતરકામમાં વપરાશનું પાણી તાપી નદીમાંથી લાવવું પડતું. શ્રી ગાંડાભાઈ, શ્રી સુખાભાઈ, ઝીણાભાઈ વગેરે બંને હાથમાં મોટી બાલદીઓ નદીએથી ભરી લાવી પતરાના બેરલમાં ભરતા. રાત્રે ઈંટોને પાણીમાં બોળી રાખતા. ઝીણાભાઈ પાલખ બાંધતાં તથા બધાં સાથે મળીને રેતી ને કાળી માટીનો કોલ બનાવતા. દીવાલો સવાફૂટ પહોળી ચણાવતા. સિમેંટનો ઉપયોગ પ્લાસ્ટર કરવામાં જ થયો હતો.

૧૯૫૫માં સુરતમાં વરાછા રોડ ઉપર શ્રીહંસદેવજી મહારાજના સિદ્ધકુટિર આશ્રમમાં એક યજ્ઞ અને ભંડારો થયો હતો. તેમાં આ બધા ભાઈઓ સ્વયંસેવક તરીકે હતા. **પૂજ્ય ગોદાવરીમા સાકુરીથી આવ્યાં હતાં.** ઝીણાભાઈ તેઓને પગે લાગ્યા એટલે માતાજીએ એક શ્રીફળ ઝીણાભાઈને આપ્યું હતું. શ્રીમોટાએ ઝીણાકાકાને પત્રમાં લખેલું કે તારા માટે જે ઓરડી બનાવીશું તેમાં તે શ્રીફળ દાટવાનું છે.

૧૯૫૮ના જૂનમાં ભીખુકાકાના પત્ની વિદ્યાકાકીને લકવો થઈ ગયો. શરીર ભારે, ઝાડો

પેશાબ પણ પથારીમાં. શ્રી ભીખુકાકા નડિયાદ શ્રીમોટા પાસે વિદ્યાકાકીનું મોત માગવા ગયા. શ્રીમોટાએ સ્મશાનમાં લાકડાં લાવી રાખવાનું કહ્યું. ત્રણ દિવસ પછી નવેમ્બર કે ડિસેમ્બરમાં તેઓનો દેહાંત થયો.

તા.૧-૭-૧૯૫૮ ના પત્રમાં પૂજ્ય શ્રીમોટાએ ઝીણાભાઈને લખેલું કે તને તો કેમ ભૂલું ? **તું તો મારો આશ્રમ છે.** ૧૯૫૯ માં આશ્રમમાં વીજળી આવી ન હતી. આશ્રમનું તમામ કામ સવારના ત્રણ વાગ્યાથી રાતના આઠ વાગ્યા સુધી ઝીણાભાઈ એકલે હાથે કરતા. ભીખુકાકા બહારનું કામ સંભાળતા.

પૂજ્ય શ્રીમોટા જ્યારે આશ્રમમાં હોય ત્યારે રાત્રે અઢી વાગ્યે ઝીણાભાઈ રસોડામાં આવી જતા. શ્રીમોટા માટે દૂધ વિનાની ચા બનાવતા. ઉપરાંત, ત્રણચાર પાન ઉપર કાથોચૂનો લગાવી તેમાં બે પત્તી તમાકુ નાખી પાન બનાવી આપતા, ચા પીધા પછી શ્રીમોટા એક પાન ખાતા, બાકીના સાથે લઈને તેમના સ્થાને જતા.

શ્રીમોટાની અંગત સેવા પણ શ્રી ઝીણાભાઈ કરતા. સ્નાનની વ્યવસ્થા, કપડાં ધોવાં, અલગ રસોઈ બનાવવી, તેમના માટે દહીં મેળવવાનું, જમ્યા બાદ શ્રીમોટાની ચરણસેવા વગેરે કામમાં અવિરત ગૂંથાયેલા રહેતા હતા. મૌનરૂમો ખાલી હોય ત્યારે રોજ રાતે બાર વાગ્યા સુધી વારાફરતી એક જણ તેમાં નામસ્મરણ કરતું, શ્રી ભીખુકાકા, શ્રી ચૂનીભાઈ, શ્રી ચંપકભાઈ, શ્રી શાંતિભાઈ, શ્રી બાબુભાઈ, શ્રી રમણભાઈ વગેરે. એક વખત ઝીણાભાઈનું આ નામસ્મરણના કારણે ગળું બેસી ગયું હતું. શ્રીમોટાએ આ જાણ્યું એટલે ઝીણાભાઈને કહ્યું કે **'તારે કંઈ કરવાની જરૂર નથી. હું તારા વતી બધું કરી લઈશ.'**

તા. ૧૬-૮-૧૯૫૯થી મૌનમંદિર શરૂ થયાં. શરૂઆતના દિવસોમાં કોઈ કાયમી મૂડી હતી નહિ. પૂજ્ય શ્રીમોટાએ તા.૭-૯-૧૯૫૯ના પ્રવચનમાં બધાંને વિનંતી કરી કે 'મને નિશ્ચિંતતા પ્રગટે એવી વ્યવસ્થા કરો. તમે ઘેર ખાઓ છો તો ચપટી ચપટી ખાવાનું અહીં પણ આપજો. આ કામ ભગવાનનું છે એમ માનજો. આશ્રમનું કામ કરશો તો એળે નહિ જાય. મારી માએ વસ્તુનો ઉપયોગ કેવી રીતે કરવો તે બરાબર શીખવ્યું હતું. કરકસરથી કેમ જીવવું તે હું મહાત્મા ગાંધી પાસેથી શીખ્યો છું. અહીં એટલી બધી મુસીબત પડી છે, છતાં ભીખુભાઈ અને ઝીણાભાઈ ટકી રહ્યા છે.

તા.૧૬-૯-૧૯૫૯ના દિવસે તાપી નદીમાં ભારે રેલ આવી. બાબુભાઈ તમાકુવાળા હિંમતપૂર્વક મૌનમાં ટકી રહ્યા. જીવના જોખમે ઝીણાભાઈએ અને ભીખુભાઈએ તેમની ખબર લીધા કરી અને ચા - બિસ્કિટ પહોંચાડતા રહ્યા. શ્રીમોટાએ તે પછી તા.૨૮-૯-૧૯૫૯ના પ્રવચનમાં તે અંગે વાત કરી. **'મોટા જીવતા છે'** એવી બાબુભાઈની શ્રદ્ધાને બિરદાવી. વળી, રેલના કારણે માટીનું પૂરણ અને એક બે વર્ષ ચાલે એટલાં લાકડાં તણાઈ આવ્યાં, પણ ગુલાબના છોડ કે આંબાની કલમને કે વાડને જરા સરખી આંચ આવી નથી. હું તો ગરીબ છું, ભગવાન પણ વિચારેને ! વળી જેની જરૂર પડે તે ભગવાનની કૃપાથી મળી રહે છે. ઓચિંતા માણસો આવી ચડે તો રાંધેલામાંથી ઓછું ઓછું ખાઈને ચલાવી લઈએ છીએ. ભીખુભાઈની બા આવીને રહે તો તે પણ પૈસા આપીને રહે છે. તે વખતે આશ્રમમાં બધે જ ઝીરોના લૅમ્પ નંખાવ્યા હતા. વળી, આશ્રમ માટે જોઈતી ચીજવસ્તુ માગીને લાવવાની શિખામણ ઝીણાભાઈને આપી હતી. પૈસા ખર્ચીને લાવવાથી પછી તેવી ટેવ પડી જાય.

ઉકઈ ડેમ થયો તે પહેલાં દર વર્ષે તાપીમાં રેલ આવે અને નદીકિનારાની જમીનની માટી ધોવાઈ જતી. આવા ખાડા - ગાબડાં પૂરવા માટે ભીખુભાઈ - ઝીણાભાઈને દર વર્ષે મહેનત - મજૂરી કરવી પડતી. ખજૂરાના ઝાડના ટુંબા પગથિયાંની માફક ગોઠવી તેમને તારથી બાંધી વચ્ચે માટી પૂરવામાં આવતી. દર વર્ષે બધી મહેનત પાણીમાં જાય. એટલે પાકી દીવાલ બનાવવાની આ બે જણની વાતને શ્રીમોટા ના જ પાડતા. છેવટે પાળા યોજના થઈ એટલે સરકારી ખર્ચે એ કામ થયું.

શરૂઆતનાં વર્ષોમાં આશ્રમના કૂવાનું પાણી ખૂબ જ ખારું હતું. આશ્રમના બગીચામાં પણ એ પાણી વાપરી ના શકાય, એટલે નદીમાં એક કૂવો ખોદવામાં આવ્યો અને બીજો કૂવો આશ્રમની દીવાલ પાસે ખોદવામાં આવ્યો. બંને કૂવાને મોટી મોટી પાઈપ લાઈનથી જોડાવામાં આવ્યા. દીવાલવાળા કૂવા ઉપર મોટર ગોઠવી તે દ્વારા ટાંકી ભરી લેવામાં આવતી. પણ નદીમાં જે કૂવો હતો તે દરિયાની ભરતી સમયે કે ચોમાસામાં રેલ વખતે કાંપથી ભરાઈ જતો. કાંપ થોડો હોય ત્યારે શ્રી ઝીણાભાઈ અને શ્રી સુખાભાઈ તગારે તગારે કાંપ બહાર કાઢી કૂવો સાફ કરતા. આવું દર પંદર દિવસે કે મહિને કરવું પડતું.

એક વખત ઠંડીના દિવસોમાં કૂવામાંથી કાંપ કાઢતાં કાઢતાં ઝીણાભાઈને ઠંડી લાગતાં શરીર ધ્રૂજવા લાગ્યું. શ્રીમોટા હાજર હતા. એ જોઈને જાણીને શ્રીમોટાની આંખમાંથી દડદડ આંસુ સરી પડ્યાં અને બોલ્યા, 'આપણો તો આ જ હિમાલય. આપણે ક્યાં હિમાલય જવાના ? આ દ્વારા શ્રીમોટાએ અણસાર આપ્યો કે **હિમાલયમાં તપ કરવા જવું અને અહીં આવું તપ કરવું બંનેનાં ફળ સરખાં !**

શ્રી ઝીણાભાઈનું ગામ લવાછા. આ ગામમાં શ્રીમોટાએ ૧૯૫૯, ૧૯૬૨ અને ૧૯૬૭ એમ ત્રણ વખત પધરામણી કરી હતી.

'ટેન કમાન્ડમેન્ટસ્' નામનું સંત મોઝીસનું પિક્ચર સુરતમાં આવેલું એટલે શ્રી બાબુભાઈને તે પિક્ચર જોવા લખેલું અને સાથે તેમનાં પત્ની લલિતાબહેનને પણ લઈ જવાં જણાવેલું. શ્રી ઝીણાભાઈને પણ તેમની સાથે એ પિક્ચર જોવા મોકલ્યા હતા. ઈઝરાયલી પ્રજાના અવતારી પુરુષ સંત મોઝીસનાં કાર્યો જોતાં સંત પુરુષ શું શું કરી શકે છે તેનો ખ્યાલ આવે છે.

આશ્રમના રસોડામાં વાંસની કામણીની દીવાલ એટલે અંદર ઉંદરડાં, ખિસકોલાં ભરાઈ રહે. રાત્રે સાપ તેના ખોરાક માટે આવે એટલે શ્રી ઝીણાભાઈ જાગી જતા. શ્રી ભીખુભાઈ, ઝીણાભાઈને તેમની પાસે સૂવા બોલાવી લે. પાંચ-છ વર્ષ આમ ચાલ્યું. પછી ઝીણાભાઈએ મોટાને બધી વાત કરી અને પોતે સૂવા માટે બહાર જતા રહે છે તેની વાત પણ કરી. એટલે શ્રીમોટા કહે આપણે સૂવા બહાર નહિ જવાનું, અભય કેળવવાનો છેને ! પણ ભય તો લાગે જ ! એટલે શ્રીમોટા કહે કે હું ભગવાનને કહીશ કે હવે સાપ નહિ આવે. તે દિવસથી સાપ આવતો બંધ થઈ ગયો.

પૂજ્ય શ્રીમોટાના દીક્ષાદિનના નિમિત્તે લવાછામાં તા.૩૧-૧-૧૯૯૩ના રોજ ઉત્સવ ઊજવાયો. શ્રી નંદુભાઈ અવસ્થ શરીર છતાં વિદ્યાનગરથી આવીને ખાસ હાજર રહ્યા. ગામલોકોએ ભાવપૂર્વક સૌની સરભરા કરી. શ્રી ઝીણાભાઈને શણગારેલ બળદગાડામાં તેમના જૂના ઘેરથી ઉત્સવના સ્થળે લાવ્યા. સ્વામી સચ્ચિદાનંદજીએ પણ ખાસ હાજર રહી પ્રવચન કરેલું.

પરંતુ તે અગાઉ ઑગષ્ટ ૧૯૯૦ થી ઝેરી મલેરિયાની બીમારી શરૂ થતાં અનેક દવાઓ અનેક

ડૉક્ટરો દ્વારા અપાતી. ઈન્ડૉર પેશન્ટ તરીકે આઈ.સી.યુ. માં અને સ્પે. રૂમમાં રાખતા. દવાઓની આડઅસર પણ વર્તાતી હતી.

કમ્પવા ધ્રુજારીની બીમારી, ઢીંચણના સોજા છેલ્લે ઢીંચણના ઑપરેશન અને દસકાથીયે વધારે વર્ષોમાં ઝીણાભાઈએ બીમારીઓ સહી. જોકે આશ્રમનું કામકાજ અટકતું નહિ.

તા. ૨૦-૧૦-૨૦૦૪ના રોજ શ્રી નંદુભાઈના દેહાંતના સમાચારે તેમના અસ્વસ્થ શરીરને મોટો ધક્કો આપ્યો. કોઈ દવાઓ યારી આપતી ન હતી. આ રીતે જ ૭૮ વર્ષની વયે તા. ૧૩-૧૨-૨૦૦૪ના રોજ સવારે ૮-૩૫ કલાકે તેઓનો પ્રાણ મહા પ્રયાણે નીકળી પડ્યો. કુરુક્ષેત્રના સ્મશાનમાં સાંજે ચાર વાગ્યે અંતિમ સંસ્કાર થયા.

તા. ૨૭-૧૦-૨૦૦૪ના રોજ કેટલાક ટ્રસ્ટીઓએ પૂછેલા પ્રશ્નોની બાબતમાં તેઓએ પોતાની કોઈ ખાસ આગવી યાદગીરી આશ્રમમાં રાખવાની સ્પષ્ટ ના પાડી હતી. અનાસક્તિનો આથી વિશેષ કયો પુરાવો ગણવો !!!

(સંપૂર્ણ) ❑

## ‘હરિવાણી ટ્રસ્ટ’ને મળેલ દાન-ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | શ્રી શાંતિભાઈ પટેલ (બાવળા)ના દાદીમા જડીબાના સ્મરણાર્થે જ્ઞાનદાન હસ્તે ગતાંકની વિગતે શ્રીમતી વિમળાબહેન શાંતિભાઈ પટેલ | અમદાવાદ | ૧૫,૦૦૦/- |
| ૨. | શ્રીમતી લલિતાબહેન અને શ્રી રામભાઈ પી. પટેલ (પલાણા)ના હસ્તે તેમનાં પુત્ર ડૉ. દિનેશભાઈનાં દીકરી સોનાવી ધવલ પટેલે અમેરિકામાં ડૉક્ટર ઑફ ફાર્મસીની ડિગ્રી મેળવી તે નિમિત્તે | અમેરિકા | ૧૧,૦૦૦/- |
| ૩. | શ્રીમતી લલિતાબહેન અને શ્રી રામભાઈ પી. પટેલ (પલાણા)ના હસ્તે તેમનાં દીકરી ઉષાબહેન દિનેશકુમાર પૂનમભાઈ પટેલની પુત્રી અર્પિતા હાર્દિક અમીને અમેરિકામાં ફિઝિશિયન આસીસ્ટન્ટની ડીગ્રી મેળવી તે નિમિત્તે | અમેરિકા | ૧૧,૦૦૦/- |
| ૪. | શ્રી સુધીરભાઈ મોહનભાઈ દલસાણિયા | સુરત | ૧,૫૦૦/- |
| ૫. | ચિ. હેમર્ષ હર્ષદકુમાર ઉપાધ્યાય (એમ.ફાર્મ)નો અભ્યાસ પૂર્ણ કરી સર્વિસમાં જોડાયા તે નિમિત્તે હસ્તે જયંતીભાઈ જાની | અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૬. | સદ્‌ગત જન્મેજય પટેલની પુણ્યતિથિ (૭/૬) નિમિત્તે હસ્તે જયાબહેન જન્મેજય પટેલ | અમદાવાદ | ૧,૧૦૦/- |
| ૭. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૧/- |
| ૮. | પુત્રી ચિ. ઈશાનીએ (એમ.ફાર્મ)નો અભ્યાસ પૂર્ણ કરી સારી કંપનીમાં સર્વિસ શરૂ કર્યા નિમિત્તે હસ્તે મૌલિન ઉપેન્દ્રભાઈ અમીન | અમદાવાદ | ૧,૦૦૧/- |
| ૯. | પૌત્રી ચિ. પ્રેયસીના પ્રથમ જન્મદિન નિમિત્તે હસ્તે કુસુમબહેન અશોકભાઈ પટેલ | નરોડા | ૧,૦૦૦/- |
| ૧૦. | શ્રીમતી શોભાબહેન ભૂપેન્દ્રભાઈ પટેલ | અમદાવાદ | ૬૦૦/- |
| ૧૧. | નિરંજનભાઈ કડકીયા (જન્મદિન ૧૨/૬) નિમિત્તે | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૨. | એક સ્વજન બહેન | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૩. | કિશોરભાઈ વ્યાસ | કાલોલ | ૫૦૦/- |
| ૧૪. | શ્રીમતી પારૂલબહેન કે. અધ્વર્યુ | અમદાવાદ | ૩૦૦/- |

# (૬) પદ્યપ્રસાદી : મોહ - (૬)

-શ્રીમોટા

જન્મની સાથ તો મોહતણા સંસ્કાર હોય છે,
તેવા અનાદિ સંસ્કાર અંત જેનો ન હોય છે,
પ્રકૃતિ જ્યાં પૂરેપૂરા કામ, મોહાદિ હોય છે,
ભક્ત ને જ્ઞાની, યોગીને તે દગ્ધબીજ થાય છે.

જેમાં તેમાં બધાંમાં છે બ્રહ્મ પોતે પરાત્પર,
પાછો શો અળગો તે છે તેમાં વિવાદ ના રજ,
પ્રકૃતિ બ્રહ્મની યોનિ તે દ્વારા સર્જતો પ્રભુ,
તેમ અનુભવીનું છે સર્જન તેવી રીતનું.

જળમાં આભલું જેમ સ્પષ્ટ સ્પષ્ટ જણાય છે,
તેવું પ્રકૃતિમાં કેવું જ્ઞાનીને બ્રહ્મ તેમ છે !
છે ખરેખરું તો મોહ પરાવર્તન પ્રાણનું,
પ્રાણ એ પ્રકૃતિમાંનું અંગ એક પ્રકારનું,
પ્રકૃતિ બ્રહ્મની માયા બ્રહ્મ તેની જ સાથ છે,
બ્રહ્મની બોલબાલાનો બ્રહ્માંડ શો પ્રભાવ છે !

પર્વત કરતાંયે છે વધુ નક્કર લોઢું શું !
અગ્નિથી જ્યાં ધખેલું છે ને લાલચોળ થાય શું !
ઘડાવા યોગ્ય ત્યારે તે નરમ બનતું જતું.
ચેતનાની ભૂમિકાનો મોહ તેવો પ્રમાણવો.

**મોહનાં વ્હેણમાં જ્યારે તણાતો હું જતો હતો,**
**ત્યાં શ્રીસદ્‌ગુરુએ ત્યારે મને તેડાવી શો લીધો !**
તેડાવીને કર્યો મુગ્ધ તેણે તો પાદપદ્મમાં,
મોહથી તેથી છુટાયું એ તો એની હતી કૃપા.

જીવતાં હોઈએ જ્યારે મોહમાં મોહની રીતે,
ત્યારે મોહ ટળાવાની શક્યતા ત્યાં કશી ન છે,
ઓચિંતા કોઈ આઘાત પ્રત્યાઘાતેથી અંતરે
-ખસેડાઈ જવાવાનું કૃપાથી થતું હોય છે,

ભાન જ્યાં સળવળેલું છે ત્યારે ખાઈખપૂસીને
-મંડ્યો કેવો રહેલો છું ! એનોય ઈતિહાસ છે,
કિંતુ તે એવી ગાથાને બેઠો ગાવા ન આજ હું,
આજ તો મોહ ગાથાને થવા વ્યક્ત હું સજ્જ છું.

મોહનાં વાગતાં બાણ જ્યારે ખૂંચે ખરેખરાં,
મેં પ્રાર્થનાતણો કેવો સહારો ત્યાં લીધેલ છે !
ભાવ જે આર્ત ને આર્દ્ર પ્રગટ્યો છે પ્રાર્થના વિશે,
એવી તે પ્રાર્થનાકેરો પ્રત્યુત્તર મળેલ છે.

લડવાનું ન રાખ્યું છે મોહ સાથે કદીય તે,
મોહથી ઊર્ધ્વના માર્ગે રાખેલ ધપવાનું છે,
ત્યારે મોહની માયા તો શી વિલીન થયેલ છે !
હરિએ ગ્રહીને હાથે ઊંચે ખેંચી લીધેલ છે.

જે જે થયા કર્યું તે તે નિવેદ્યું હરિપાદ છે,
ને તેવા નિત્ય અભ્યાસે એનો સંબંધ થાય છે,
એને જે તે કહ્યા વિના આરો ના આવતો જ છે,
કેવો કેવો બચાવીને તરાવ્યા શો કરેલ છે !

**'મોહ' પ્ર.આ.,પૃ.૧૨૮ થી ૧૪૬ (સંકલન) [ ક્રમશઃ]**

## વિનંતી...

**પૂજ્ય શ્રીમોટાના રામનવમીના સુરત ખાતેના તા. ૨૦-૪, ૨૧-૪ના ઉત્સવ સમયે જેઓએ હરિવાણી ટ્રસ્ટને લવાજમ કે ભેટની રકમ આપી હતી, તે પાવતીઓની ઝેરોક્ષ જેઓને મોકલવાની બાકી હોય તેઓ વહેલી તકે અમોને મોકલી આપે.**

**-સંપાદક**

# (૭) મૃત્યુ એ શરીરની આદત છે

**અજ્ઞાત**

તમે જ તમારા જીવનના ઘડવૈયા છો. તમે તમારી ફિલસૂફી રચો છો અને તમારા અભિગમો ઘડો છો. સાચા અભિગમ ન હોય તો તે આખીય જીવનરચના અસ્થિર બની રહે છે. માણસને આ હકીકત સમજાવા લાગે તે પછી તે પોતાની ભીતર દૃષ્ટિ માંડે છે, પોતાનું રૂપાંતર કરે છે અને ચેતનાનાં અનેક સ્તરો પ્રત્યે સભાન બને છે. પછી તેને પોતાની અંદર જ શક્તિ સાંપડે છે. આ આંતરિક શક્તિ પરિતૃપ્તિનું મૂળ છે. સિદ્ધોએ આ વાત સિદ્ધ કરી બતાવી છે, પણ **આધુનિક મનુષ્ય એ સમજતો નથી. હજુ તે બાહ્ય દુનિયામાં જ સુખ શોધે છે.**

નાનો હતો ત્યારે હું પણ માનતો હતો કે દુનિયાની બાહ્ય વસ્તુઓમાં જ સુખનું મૂળ રહેલું છે. એક દિવસ મારા ગુરુએ મને એક શ્રીમંત માણસને ઘેર મોકલ્યો. એ માણસ મૃત્યુશય્યા પર હતો. હું ત્યાં પહોંચ્યો કે આ શ્રીમંત માણસે કહ્યું : 'મહારાજ, મને આશીર્વાદ આપો.' તે દુઃખમાં ડૂબેલો અને આંસુથી ભરેલો હતો.

મેં પૂછ્યું : તમે કેમ આમ ગરીબડા બાળકની જેમ રડો છો ?

તેમણે કહ્યું : હું બાળક થઈ શકતો હોત તો કેટલું સારું હતું ! હવે મને સમજાય છે કે હું તો આખી દુનિયામાં સૌથી નિર્બળ માણસ છું. મારી પાસે બધી સુખસગવડ છે, પણ એમાંનું કશું મને મદદ કરી શકે તેમ નથી. બધું જ વ્યર્થ છે.

એ શ્રીમંત માણસની અંદર રહેલી દરિદ્રતા અને એની અસરનો મને સહેલાઈથી ખ્યાલ આવી ગયો. ત્યાર પછી મેં ઘણા મરણાસન્ન લોકોનો અભ્યાસ કર્યો છે. એમાં કવિઓ, લેખકો, ફિલસૂફો, રાજકીય નેતાઓનો પણ સમાવેશ થાય છે. **પણ મેં હંમેશાં તેમને મૃત્યુશય્યા પર બહુ દુઃખી અવસ્થામાં જોયા છે.** જીવનનું વળગણ અને દુનિયાની વસ્તુઓ પ્રત્યેના મોહને કારણે તેમની એવી દુર્દશા થયેલી હતી. જેઓ અંદર રહેલા અમર્ત્ય તત્ત્વને જાણે છે, તેઓ મુક્ત અને દુન્યવી ચીજવસ્તુઓ પ્રત્યે અનાસક્ત હોય છે. તેઓ મનની વિધેયાત્મક સ્થિતિમાં પોતાનું શરીર છોડે છે.

ચૈતન્ય મહાપ્રભુ પર લખાયેલાં લખાણોમાંથી જાણવા મળે છે કે તેમના મૃત્યુ પછી પણ, તેઓ જેમાં રહેતા હતા તે ઓરડો તેમના જપથી આંદોલિત રહેતો હતો. કાનપુર શહેરમાં મને એકવાર એવો અનુભવ થયો હતો. ડૉક્ટરોનું એક કુટુંબ હતું. તેમની માતા ઈશ્વરની પરમ ભક્ત હતી. તેમને મેં દીક્ષા આપી હતી. મૃત્યુ પહેલાં છ મહિને તેમણે એકલાં એક ઓરડીમાં રહેવાનું નક્કી કર્યું. એમાં તેઓ ધ્યાન અને નામસ્મરણ કરતાં. છ મહિના પછી તે માંદાં પડ્યાં ને પથારીવશ થયાં. વિદાયનો સમય નજીક આવ્યો હોય તેમ લાગ્યું. તેમના સૌથી મોટા પુત્ર ડૉ. એ.એન. ટંડનને મા પ્રત્યે ખૂબ લાગણી હતી. તે માની નજીક રહેવા માગતા હતા, પણ **માએ કહ્યું : 'તને મારી માયા રહે એવી મારી ઈચ્છા નથી. હવેથી મારી પડખે બેસતો નહિ.** મેં તારા પ્રત્યેની મારી ફરજ બજાવી છે. આ યાત્રામાં મારે એકલીએ જ ડગલાં માંડવાનાં છે. તારી આસક્તિ મને કોઈયે રીતે મદદરૂપ નહિ થાય.'

સાધારણ રીતે મરણાસન્ન લોકો ભયભીત અને એકાકી બની જાય છે. અસલામતીની એક ખોટી લાગણી તેમનામાં આવે છે, અને તેઓ બાળકો પ્રત્યે, પોતાની ચીજવસ્તુઓ પ્રત્યે વધુ ગાઢ આસક્તિ ધરાવતા થઈ જાય છે, પણ આ સ્ત્રી નિરંતર શાંતિમાં રહેતી હતી, નામસ્મરણમાં લીન થઈ જતી. તેણે તેના દીકરાઓને કહ્યું : હું બહુ આનંદમાં છું. તમારી લાગણી હવે મારે માટે લાગણી નથી.

માએ કહ્યું : જે બનવાનું હતું તે બની ચૂક્યું છે. હવે હું મુક્ત આત્મા છું અને ખૂબ આનંદમાં છું. વિશ્વના અફાટ સાગરમાં હું પરમ આનંદની એક લહેર છું. બધા જ ભય અને ચિંતામાંથી હવે હું મુક્ત છું. તને હજી મારા પાર્થિવ દેહ પ્રત્યે આસક્તિ છે, પણ હવે હું સમજી છું કે શરીર તો માત્ર એક ખોખું છે. તું એને મા કહે છે ?

હું ત્યારે ત્યાં હાજર હતો. મારા સિવાય બીજા કોઈને તેમણે ઓરડીમાં બેસવા દીધા નહિ. મૃત્યુ પહેલાં પાંચ મિનિટ સ્મિત કરીને તેમણે મારા કાનમાં કહ્યું : 'આ બધાને એમ છે કે મારું મગજ ખસી ગયું છે, પણ મેં કેટલું પ્રાપ્ત કર્યું છે, તેની કોઈને ખબર નથી.' પછી તેમણે મને બધાં કુટુંબીજનોને બોલાવવા કહ્યું. હાથ ઊંચો કરીને તેમણે સહુને આશીર્વાદ આપ્યા અને પછી પ્રયાણ કર્યું.

**તેમના મૃત્યુ પછી જે ઓરડીમાં તે રહેતાં હતાં તેની દીવાલો તેમના મંત્રના ધ્વનિથી ગુંજવા લાગી. જે કોઈ ત્યાં આવે તે દરેક જણ દીવાલમાં આંદોલિત થતા ધ્વનિને અનુભવી શકતું હતું. કોઈએ કહ્યું કે એ ઘરની દીવાલોમાંથી હજુયે મંત્રધ્વનિ થાય છે.** મારાથી એ મનાયું નહિ, એટલે મેં એ ઘરની મુલાકાત લીધી. મેં જોયું કે તેમના મંત્રનો ધ્વનિ ખરેખર જ હજુ પણ એ દીવાલોમાં ગુંજતો હતો.

**મંત્ર એક અક્ષર કે શબ્દ કે થોડાક શબ્દોનો સમૂહ હોય છે.** માણસ સચેતપણે મંત્રસ્મરણ કરે ત્યારે એ આપોઆપ જ અજાગ્રત મનમાં સંચિત થતો હોય છે. જોકે સાધારણપણે આ હકીકતનો ખ્યાલ કોઈને હોતો નથી. વિદાયના દિવસે મન ક્ષીણ થઈ જાય છે, તેનું કામકાજ અટકી પડે છે, ત્યારે શરીર અને અન્ય દુન્યવી વસ્તુઓ પ્રત્યે આસક્તિને લીધે માણસને ખૂબ એકલતા લાગે છે. તે દુઃખી દુઃખી થઈ જાય છે. આવે વખતે અજાગ્રત મનની અંદર જે સંગૃહીત થયું હોય છે તે માણસને માર્ગદર્શન આપે છે. છૂટા પડવાનો આ સમય અજ્ઞાની માટે દુઃખકારક હોય છે, પણ જેણે નિષ્ઠાપૂર્વક મંત્રસ્મરણ કર્યું હોય તેવા આધ્યાત્મિક મનુષ્ય માટે આવું બનતું નથી. અજ્ઞાનીને માટે ભયપ્રદ એવા આ વચગાળાના સમયમાં મંત્ર એને દોરવણી આપે છે. **મૃત્યુ પીડાદાયક નથી. મૃત્યુનો ભય બહુ પીડાદાયક છે.** મંત્ર એમાં સબળ ટેકો આપે છે અને અજ્ઞાનના અંધારપ્રદેશમાંથી મૃત્યુ પામતા માણસને શાંતિપૂર્વક દોરી જાય છે. આમ, જન્મ અને મૃત્યુ વચ્ચેની ગલીમાંથી પસાર થતી વેળા મંત્ર દીવો બને છે અને માર્ગમાં પ્રકાશ વેરે છે. સંપૂર્ણ શ્રદ્ધાથી સતત મંત્રસ્મરણ કરવું એ એક નિશ્ચિત પદ્ધતિ છે. દુનિયાની બધી જ આધ્યાત્મિક પરંપરાઓ આ પદ્ધતિનો ઉપયોગ કરે છે. **મંત્ર ખરેખર જ એક વિરલ મિત્ર છે.** તે આ જીવનમાં અને પછી પણ આપણી જરૂર વખતે આપણને મદદ કરે છે. સતત મંત્રસ્મરણ કરવાથી સાધકના અજાગ્રત મનમાં એના ઊંડા આંકા પડી જાય

છે. પછી એ આંકામાં મન આપોઆપ વહેવા લાગે છે. એ આધ્યાત્મિક માર્ગદર્શક છે. મૃત્યુના ભયને તે દૂર કરે છે અને નિર્ભયપણે આપણને જીવનને પેલે પાર પહોંચાડે છે.

**યોગીઓ માટે એ સ્વીકૃત હકીકત છે કે શરીર તો એક વસ્ત્ર છે. તેઓ માને છે કે વસ્ત્રનો ઉપયોગ ન રહે ત્યારે તેને કોઈ ભય કે દુઃખ વગર, સભાનપણે ઉતારી દઈ શકાય છે. શરીરને આમ તજી દેવાની વાત તેમને માટે અસાધારણ નથી.**

અલ્લાહાબાદના કુંભમેળા વખતે આવા એક પ્રસંગના સાક્ષી બનવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. એ વખતે પવિત્ર ગંગાનદીના કાંઠે આવેલા બગીચાવાળા એક ઘરમાં હું રહેતો હતો. એક દિવસ વહેલી સવારે ત્રણ વાગ્યે મને ખબર મળ્યા કે વિનયમહારાજે બરોબર સાડા ચાર વાગ્યે શરીર તજી દેવાનો નિર્ણય કર્યો છે. આ સંન્યાસી મારા ગુરુના શિષ્ય હતા. હું તરત જ તે રહેતા હતા તે કુટિર તરફ દોડ્યો. ત્યાં એમણે અડધો કલાક યોગ-વેદાંતની ઉચ્ચ સાધના વિશે મારી સાથે વાતો કરી. બીજા છ એક સંન્યાસીઓ તેમની આસપાસ ત્યારે બેઠા હતા. **'સ્વેચ્છાએ શરીરત્યાગ' કરવાની ટેક્નિક સમજાવ્યા પછી બરોબર સાડા ચાર વાગ્યે તેમણે કહ્યું : 'ભગવાન તમારું કલ્યાણ કરે.** આપણે હવે પેલે પાર મળીશું.' આમ કહીને તેમણે અમારી વિદાય લીધી અને મૌન થઈ ગયા. આંખો મીંચી તેઓ સ્થિર થઈને બેઠા અને બધાએ એમના બ્રહ્મરંધ્રમાંથી 'ટિક' અવાજ આવતો સાંભળ્યો. આ ખોપરી ફાટવાનો અવાજ હતો. પાછળથી અમે એમના શરીરને ગંગામાં સમાધિ આપી. આમ ઘણા પ્રસંગોએ, યોગી સ્વેચ્છાએ દેહ છોડી દેતા હોય એવી ઘટનાનો હું સાક્ષી બન્યો છું.

આધુનિક માણસ કેમ ખાવું, કેમ બોલવું, કેમ કપડાં પહેરવાં ને સમાજમાં જીવવું તે જાણે છે. ગર્ભવતી સ્ત્રી બાળકને સલામતપણે જન્મ આપી શકે તે માટે તેને તૈયાર કેમ કરવી એ તે જાણે છે અને પીડા વગર પ્રસૂતિ થાય તેની રીતો પણ તેણે શોધી કાઢી છે. પણ આજનો માણસ હજી શરીરને સ્વેચ્છાએ, આનંદપૂર્વક કેમ તજી દેવું એની પ્રક્રિયા શીખ્યો નથી. આથી, મૃત્યુ વખતે તે દુઃખી દુઃખી થઈ જાય છે અને માનસિક રીતે ઘણી પીડા વેઠે છે. આપણો આધુનિક સમાજ ટેક્નોલૉજીમાં બહુ આગળ વધ્યો છે, પણ જીવન અને મૃત્યુનાં ઘણાં રહસ્યોથી હજી અજ્ઞાત છે. પોતાની અંદર રહેલી શક્તિઓની હજી તેને પિછાણ થઈ નથી.

**મૃત્યુ એ શરીરની આદત છે,** એક જરૂરી પરિવર્તન છે. મૃત્યુ પામી રહેલા માણસને આ ક્ષણ માટે માનસિક રીતે તૈયાર કરવો જોઈએ. મૃત્યુના નામે ઓળખાતું આ અનિવાર્ય રૂપાંતર પોતે પીડાકારક નથી, એનો ભય જ મરણાસન્ન મનુષ્યને દુઃખકારી હોય છે. **દુન્યવી સફળતા માટે માણસને ઘણા પ્રકારનું શિક્ષણ અપાય છે, પણ મૃત્યુના ભયમાંથી મુક્ત થવાનું શિક્ષણ તેને કોઈ આપતું નથી.** મૃત્યુ ક્ષણની નજીક પહોંચેલા લોકોને શાંતિ આપે તેવી રીતો માણસે શોધી કાઢવી જોઈએ.

મૃત્યુના નામે ઓળખાતું અનિવાર્ય રૂપાંતર પોતે પીડાકારક નથી, એનો ભય જ મરણાસન્ન મનુષ્યને દુઃખકારી હોય છે. ❑

ગુજરાત સમાચાર, તા.૧૯-૧૨-૨૦૧૨માંથી સાભાર

## (૮) લતાને પત્રો

**શ્રીમોટા**

*[પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનો શ્રી પુષ્પાબહેન દલાલના નામથી અજાણ નથી. એ પુષ્પાબહેનની નાની દીકરી લતાને શ્રીમોટાએ જે પત્રો લખ્યા છે, તે પૈકી ચાર પત્રોની ઝેરોક્ષ મળતાં લતાબહેન પ્રત્યે આભારની લાગણી સાથે પ્રકાશિત કરીએ છીએ. સાથોસાથ જાહેર વિનંતી કરીએ છીએ કે જે કોઈ સ્વજન પાસે પૂજ્ય શ્રીમોટાના તેમના ઉપર લખાયેલ પત્રો હોય તો તેની ઝેરોક્ષ અમોને મોકલી શકે છે. તેને સંપાદિત કરી યોગ્ય વિગતે પ્રકાશિત કરી શકાશે. -સં.]*

(૧)

કુંભકોણમ્, તા. ૨૪-૩-૧૯૫૧

ઘણું વહાલુડી લતા,

તારો વહાલભર્યો કાગળ મળ્યો છે. તું મને મન થાય ત્યારે કાગળ લખજે. તારા કાગળના જવાબ આપવાને સદાય હું નવરો છું તે જાણજે, કદાચ બાને નહિ લખું તો તને તો જરૂર લખીશ. બાળકથી બાને વહાલ ના થાય એ વળી કેવું ? બાળકથી તો જરૂર માને વહાલ થાય. બા આપણને એને મન થાય ત્યારે વહાલ કરે અને આપણે પણ મન થાય ત્યારે વહાલ કરીએ. બાને વહાલ ન કરીએ તો ઊલટું ખોટું ગણાય. બાળકનું વહાલ તો બાને બહુ ગમે. અમારે અહીં એક નાનકડો હરિઃૐ છે, તે જ્યારે ગળે બાઝીને વહાલ કરે છે ત્યારે, તે એટલું તો મીઠું લાગે છે કે ન પૂછો વાત. એટલે તારે બાને ઘણું ઘણું વહાલ કરવું. બા કહે તે માનવું. રીસ પણ ના કરવી.

અહીં એક મારો નાનકડો મિત્ર છે, તેનું નામ સિદ્ધાર્થ *(પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી શ્રી નંદુભાઈનો પુત્ર -સં)* તે નાનો ૩ાા વર્ષનો હતો ત્યારથી હું એને ભણાવતો ને હજુ પણ જો અભ્યાસ ના કરે તો ચેતાવું છું. તારે અભ્યાસમાં ઘણું ઘણું દિલ રાખવાનું છે. તું સારી રીતે ભણે તો અમને ઘણું ગમે. મારે પણ તને ઘણું ઘણું વહાલ કરવું છે. હું તો તને કોટે જ વળગાડી દઈશ. તું મને ઘણા લાંબા કાગળ લખજે. મને લાંબા કાગળ લખતાં આવડતું નથી. તને લાંબા કાગળમાં લખું શું ? સુમતિબહેને *(લતાની મોટી બહેન -સં)* મારા વતી તું ઘણું ઘણું યાદ કરજે અને સપ્રેમ ઘણા ઘણા રામરામ કહેજે. એનું લગ્ન થવાનું છે ત્યારે તું ખૂબ મહાલજે. સારાં સારાં કપડાં પહેરજે અને અમને ઘણું ઘણું યાદ કરજે.

(૨)

કુંભકોણમ્, તા. ૧૪-૫-૧૯૫૧

પ્રિય બહેન લતા,

તારો ૧૧-૪-૧૯૫૧નો કાગળ આજરોજ મળ્યો છે. હરિઃૐ માં હરિમાં હ્રસ્વ ઇ કરવી જોઈએ તે તેં દીર્ઘ ઈ કરી છે, માટે હવેથી સુધારજે. આ કાગળમાં તારી જ્યાં જ્યાં ભૂલ છે ત્યાં ત્યાં તે તું સુધારજે અને સુધારીને મને પાછો મોકલજે. જો બધું કરતા કારવતા ને બધું કરનાર ભગવાન હોય તો એ ભગવાનને આપણે કેમ ભૂલી શકીએ? આપણા ઉપર કોઈ વહાલ કરે છે તો તે આપણને ઘણું વહાલું વહાલું લાગે છે. આપણને કોઈ કંઈ આપે છે તો તેના તરફ આપણને કેટલું બધું હેત ને ઉમળકો વછૂટે છે ! તો ભગવાને આપણને કેટકેટલું આપેલું છે ! પરંતુ આપણે તેને યાદ કરતા નથી. એ આપણો મોટામાં મોટો વાંક ગણાય. માટે ભગવાનની પ્રાર્થના કરવી ને આપણાથી કોઈનો પણ દોષ ન થાય, વાંક ન થાય અને કોઈને નારાજ ન કરાય તો ભગવાન રાજી રહે. કદી પણ કજિયા કરવા નહિ. કંકાસ કરવો નહિ. એકબીજાની ચાડી કરવી નહિ. કોઈનું ખોટું કરવું નહિ. **આ બધા નિયમો પાળજે.** તારે મોટાની દોસ્તી બાંધવી છેને ? બહેનને કદી ઉદાસ થવા દઈશ નહિ. **પોતાની માની સેવા કરવી એના જેવું કોઈ ઉત્તમ પુણ્ય નથી.** આપણે પૂછવું હોય તો બહેનને પૂછવું. એ કંઈ વખત બગાડ્યો ના ગણાય. કોઈ વખત બહેને તને ભગવાન વિશેની વાતો કહેવી જોઈએ. તે પણ વખત બગાડ્યો ન ગણાય. પરંતુ એને કામ રહેતું હોય ને બીજું કામ હોય તેથી તને વાર્તા ન કહી શકે તે સમજાય. ભણવામાં ચિત્ત રાખજે અને શરીર સારું કરવું. બહેન સુમતિને મારા વતી બોલવજે. હવે તો તે પરણી જવાની.

(૩)

તા. ૩-૩-૧૯૫૯

પ્રિય લતા,

લતા તારો હાથ જોવાનું પ્રભુ કૃપાથી બન્યું ત્યારથી તારા પરત્વે મને સવિશેષ રાગ હોવાથી દિલમાં કંઈક થાય છે ને જે કંઈક અશુભ હોય તેને કેમ કરી ટાળી શકાય તે જ પ્રાર્થનાભાવ રહે છે ને તને જીવનમાં કેમ કરીને સરળતા પ્રકટે તેવું દિલમાં થયા કરે છે. તારામાં mental negative attitude (મેન્ટલ નેગેટિવ એટીટ્યૂડ-મનનો નકારાત્મક અભિગમ)ની સાથે સાથે પાછી રચનાત્મક વલણ પણ છે ને જેથી જીવનમાં બીજાં વલણો જન્મી તેની તેની અસર ઉપજાવવાનાં, તેથી તને તેમાંથી કેમ કરી મુક્તિ મળી શકે તેવું જ આ જીવથી બની શકે તો તે પ્રભુની પરમ કૃપા, બાકી જો તું ખરેખરા દિલથી સાચેસાચો જ પૂરો વાંચવાનો અભ્યાસ કરવાનો દિલથી પ્રયત્ન કરે તો બી.એ. જરૂર પાસ થઈ જાય.

મારું એટલું કામ જો તું પૂરું કરી આપશે તો તેં આપેલા એવા સંતોષથી આ જીવ તને જીવનમાં કેટલો ખપનો નીવડવાનો તે લખી બતાવવાથી શું લાભ ?

(૪)

તા. ૧૬-૧૦-૧૯૫૯

મારી વહાલી લતા,

જત, તારો એક કાર્ડ તથા નંદુભાઈના કાગળ ભેગો મારા પરનો બીજો પત્ર એમ બધું નડિયાદ આશ્રમે મળ્યું છે. નંદુભાઈ ઉપરના પત્રમાં તેં તારી દિલની હકીકત જે લખી છે તે વાંચી રાજી થયો છું. ઘણા વખત પહેલાં મેં પુષાઈને *(લતાનાં માતુશ્રી પુષ્પાબહેન દલાલ -સં)* કહેલું કે મને લતાની સમજણમાં વિશ્વાસ છે અને નંદુભાઈ ઉપરના કાગળમાં તેં જે તારી સ્પષ્ટ હકીકત લખી છે તે તદ્દન સાચું છે. **આપણા લોકો પોતપોતાની સમજણ પ્રમાણે બીજાને સમજવાનું કરે છે** ને તેથી કરીને તેમના તેમના આપણા પરત્વેના તેવાં તેવાં આરોપણથી આપણા મનમાં જે મુદ્દલે ના હોય તેવું તૂત જન્મે, પરંતુ તેં તો મક્કમતાથી તેવું થવા ન દીધું તે માટે મારા તને ધન્યવાદ ઘટે. મેં તો નટવરભાઈથી માંડી જયંતીભાઈ, સમરથ બા બધાંને મોઢેમોઢ જણાવ્યું છે કે લતા મને ઘણી ઘણી લાડકી છે અને તું મને તેવી જ લાડકી રહેવાની છે. આ જીવનમાં પ્રભુકૃપાથી એક હરિની *(કુંભકોણમ્‌ના શ્રી હરિભાઈ -સં)* સાથે લાડ કર્યું છે અને તારી સાથે મને લાડ કરવાના કોડ જાગે ખરા પણ મારા દિલની ભાવનાને તું યોગ્ય પૂરેપૂરો સંતોષ આપવા ન દે તે મને ગમે નહિ. મારા દિલની લાગણી, ઊર્મિ, ભાવના તારા માટે કેટકેટલી તનમનાટ અને થનગનાટ વાળી છે તે એકમાત્ર મારું દિલ જાણે છે. પુષાઈને પણ એમ લાગે છે કે હું તારો પક્ષ તાણું છું. પરંતુ સાચી રીતે તો તારી જે સમજણ હોય છે તે સમજણની યથાર્થતાને કારણે મારે તેમ કરવાપણું બને છે.

તું ત્યાંથી ૨૪મીએ નીકળી જવાની છે તેવા તારા નિર્ણયને માટે પણ મને આનંદ થયો છે. આપણે જરૂર વિના, ઉપયોગ વિના એક પળવાર પણ બીજે ક્યાંય ટકવું ન ઘટે અને તે ઉપરાંત તારે હવે પરીક્ષાના દિનો નજીક આવતા જાય છે, તેવું વિચારીને તું ત્યાંથી વહેલું નીકળવાનું કરે છે તે તો બહુ ઉત્તમ છે. તું ઘેર અમદાવાદ પહોંચીને અભ્યાસની હકીકત મન પર લે એવી મારી તને વહાલથી વિનંતી છે. અંગ્રેજી તારું કાચું હોય તો તેને માટે ૩-૪ મહિનાનું તું ટ્યૂશન રાખે તો તે વધુ સારું અને આને માટે જરૂર તું વ્યવસ્થા ગોઠવજે. પૈસાની તારે ચિંતા કરવાની હોય નહિ. તારી પોતાની આગવી મૂડી પણ છે અને પુષાઈ ન હોય અને તને પૈસાની અગવડ પડે તો તારે મને વિના સંકોચે લખવું અને એ રીતે જો તું મને લખશે તો મને આનંદ પણ થવાનો. તે પછીથી પુષાઈ અને હું બંને સમજી લઈશું.

કમ્મરના ઘા વાળા ભાગમાંથી બે વાટકી જેટલી રસી નીકળી છે તે પણ પિચકારી જેમ, તેમ છતાં પુષાઈ હસવાનું કરી શકે છે તે કંઈ નાની સૂની હકીકત નથી. આજકાલ તો અમારા દિલમાં પુષાઈ રમી રહેલ છે. તેનામાં મારું દિલ છે અને તેં પ્રત્યક્ષ જોયું છે ને તેથી કરીને પુષાઈને કેટલું બળ, શક્તિ, હિમંત વગેરે તેને મળ્યા કરે છે ને તેને આટલી ભારે વેદના હોવા છતાં પ્રભુકૃપાથી તેને સહન કરવાની શક્તિ મળી રહે છે.

તારો મારા પરનો જે વિશ્વાસ છે તે કદી પણ જૂઠો પડી શકનાર નથી એ બાબતની તું પૂર્ણપણે ખાતરી રાખજે. કોઈ પણ કાળી પળે You can knock at my door and I shall answer your call by His Grace.

તને તારા જીવનમાં હું કોઈ પણ રીતે ખરેખર ઉપયોગનો નીવડી શકીશ તો તેથી મારા આનંદની અવધિ રહેવાની નથી અને તને જ્યારે જરૂર પડે ત્યારે તું મારો ઉપયોગ પૂરેપૂરો કરી શકે છે. અને **મારી પાસેથી તારે જે લેવું હોય તે તું લઈ શકે છે.** આ વાક્યનું રહસ્ય તારાથી સમજાય તેટલું સમજજે. પુષાઈને તારા વતી સંકોચ રાખ્યા વિના જરૂર વહાલ કરજે.

રવિવારે સુરત પહોંચીને મુંબઈ આવવાની તારીખ તને લખીશ. પુષાઈને 'મે ફેર'માં કઈ તારીખે લાવવાના છે તે જાણીને સુરત આશ્રમે મને જરૂર લખજે એટલે નંદુભાઈ અને હું મુંબઈ આવવાનું કરીયે. અમારું આવવાનું એકાદ દિન મોડું આમ તેમ થાય તો તું કૃપા કરીને એકાદ દિન મોડું કરી શકશે તો આનંદ. સુધામાશીને વહાલ અને પુષાઈને બે ધબ્બા.

❑

## ગયેલા આત્માને...

પૂજ્ય શ્રીમોટાનું મુંબઈ ખાતે એક્સપ્રેસ વૉચ કંપનીવાળા શ્રી હરમુખભાઈ જોગી પરિવારમાં રોકાણ રહેતું હતું. એ પરિવારના **શ્રી ધીરેશભાઈ હરમુખભાઈ જોગી**નો સુરત મુકામે ૭૬ વર્ષની વયે તા. ૧૦-૬-૨૦૧૩ના રોજ દેહાંત થયો છે. આ પરિવારની એક દીકરીનું અપમૃત્યુના કારણે પ્રેતયોનિમાં સ્થાન હતું, તેનો ઉદ્ધાર પૂજ્ય શ્રીમોટાએ યોગ્ય વિધિથી કરાવેલો. આ ઘટનાની વિગતોનો હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા પ્રકાશિત 'જન્મ-મૃત્યુના રાસ'ની છેલ્લી આવૃત્તિમાં ઉલ્લેખ છે. એવા પરિવારના આ ગતાત્માનું શ્રીહરિ યશકલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે. **-સંપાદક**

# (૯) વચનામૃત

**- શ્રીસત્ય સાંઈબાબા**

(૧)

સાધન-સંપત્તિમાં, શક્તિમાં અને કુશળતાઓમાં બીજાઓને ભાગીદાર બનાવો, કારણ કે તમે જેમને પૂજો છો, તે જ ભગવાનના તેઓ પણ અંશો છે.

(૨)

સેવા એક રોજિંદો અભિનય, પ્રદર્શનની પ્રવૃત્તિ અથવા સહાનુભૂતિની માત્ર મૌખિક વાતો ન બનવી જોઈએ.

(૩)

ઘરમાં માતાપિતા, ઘર બહાર રાજકારણી પુરુષો અને શાળા કૉલેજોમાં શિક્ષકો એ ત્રણેય કેળવણીના પતન માટે જવાબદાર છે.

ઉછીના લીધેલા આદર્શો, પરદેશમાંથી લવાયેલ પદ્ધતિઓ, બહારના દેશો પ્રત્યે વફાદારીઓ અને ચંચલ નીતિઓ, પોતપોતાની સાથે કેળવણીમાં સંકટો લઈ આવેલ છે.

(૪)

ભજન શ્વાસોશ્વાસની પેઠે સતત ચાલતું રહેવું જોઈએ. હકીકતમાં શ્વાસ હંમેશાં ભજનમાં પરોવાયેલો જ રહેવો જોઈએ કારણ કે તે મૂળભૂત મંત્ર સોહમ્‌નો સતત જાપ કરે છે.

(૫)

લોકોએ ઉપવાસ, મિતાહાર, યોગાસનો અથવા શારીરિક કસરતો કરવાં અને બીડી તથા દારૂ જેવી વિનાશકારી ટેવો બંધ કરવી, તંદુરસ્તી પ્રાપ્ત કરવા માટે અને તેને ટકાવી રાખવા માટે ચિંતાનો, માનસિક તનાવનો ત્યાગ કરવો એ જરૂરી છે.

(૬)

ધર્મ સરસ્વતી નદી જેવો છે, જેનો પ્રવાહ માનવ-ચેતનામાં ગહનતર સ્તરોમાં અદશ્ય રીતે વહે છે. પ્રવૃત્તિના મૂળને તે પોષણ આપે છે, વિચારના સ્ત્રોતને ભરી દે છે અને લાગણીનાં મલિન મોજાંને સ્વચ્છ બનાવે છે.

જ્યારે નદી કદી સુકાઈ જાય છે અથવા લોભ અને દ્વેષ વડે અવરોધોને પ્રાપ્ત કરે છે, ત્યારે કૃપાના જબરદસ્ત પ્રવાહને વહેવડાવવા માટે અને તે ધર્મરૂપી નદીના તાજા, મુક્ત પ્રવાહને પાછો વહેતો કરવા માટે 'અવતાર' પધારે છે.

(૭)

માત્ર જ્ઞાન એ શક્તિ નથી પરંતુ ચારિત્ર એ શક્તિ છે. ચારિત્ર્યશીલ માણસ કોઈને ધિક્કારતો નથી, વળી એ માયાળુ અને કરુણાળુ પણ હોય છે. અહંતાથી તે મુક્ત હોય છે, સુખ દુઃખ પ્રત્યે સમાન ઉપેક્ષાથી વર્તે છે. ચારિત્ર્યશીલ સદાય સંતુષ્ટ અને ક્ષમાશીલ પણ હોય છે.

(૮)

જળની સપાટી પરના પરપોટાની પેઠે વિચારો ઉદ્‌ભવે છે અને શાંત થઈ જાય છે. તમારે પરપોટા અને મોજાં પ્રત્યે નહિ પણ જળ પ્રત્યે જોવાનું છે.

માણસના મનમાં હંમેશાં શાંતિ હોય છે. પણ તે ભૂલી જઈ મોજાંઓ પ્રત્યે તે ધ્યાન આપે છે. એટલે મોજાંઓની ઉપેક્ષા કરવી અને જલ પર દૃષ્ટિ સ્થિર કરવી એ નિત્ય અવધાન - સનાતન સાવધાનતા માગી લે છે. તમે જ સમુદ્ર છો, તેના પર મોજાંનું ઊઠવું અને પછી પડી જવું એ ચાંચલ્ય છે.

(૯)

જીભ ઉપર હંમેશાં ભગવાનનું નામ રાખો. હૃદયમાં ઝૂલતાં હીંચકા પર બેઠેલા ભગવાનનું ધ્યાન કરો - તે સાચી સાધના છે. ❑

'સત્યમ્ શિવમ્ સુંદરમ્-ભાગ-૪',ચોથી આવૃત્તિમાંથી સાભાર

## (૧૦) ભારતરત્ન લતા મંગેશકર

ઉષા જોશી

*[અમદાવાદના પુસ્તક મેળામાંથી એક સ્વજને ખરીદેલ ''ભારતરત્ન લતા મંગેશકર''ની પુસ્તિકા જોવા મળી. ઉષા જોશી લિખિત ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ દ્વારા એ પ્રકાશિત થઈ છે. લતાજીએ પ્રારંભમાં જીવનમાં જે સંઘર્ષ કર્યો છે તે વાંચતાં શ્રીમોટાની એક પંક્તિ યાદ આવી ગઈ :*

*'મોટા એમનું એમ ન થવાય છે, તપ, ત્યાગ, તપશ્ચર્યા એવું કંઈક કરવું પડે.' ઉષાબહેનના લખાણમાંથી સંપાદિત ટૂંકી વિગતો પ્રકાશિત કરાઈ છે. - સંપાદક]*

ભારતરત્ન લતાજીના પિતાનું નામ દીનાનાથ. તેઓ સારા સંગીતકાર હતા. ગુજરાત - મહારાષ્ટ્રની સરહદે તાપી નદીને કાંઠે આવેલા થલનેર ગામના શેઠ હરિદાસ રામદાસ લાડની પુત્રી નર્મદા સાથે સને ૧૯૨૨માં દીનાનાથનાં લગ્ન થયાં. ચાર વર્ષના લગ્નજીવન પછી એક બાળકીનો જન્મ આપી નર્મદાનું અવસાન થયું. આ પુત્રીનું નામ લતા રાખવામાં આવ્યું. મા વિનાની આ લતા નવ મહિનાની થઈને મૃત્યુ પામી.

એકલવાયા જિંદગી જશે નહિ એવી સગાંવહાલાંની ઇચ્છા અનુસાર નર્મદાની જ બહેન સેવંતી સાથે સને ૧૯૨૭માં દીનાનાથનાં બીજાં લગ્ન થયાં. બે એક વરસના લગ્નજીવન બાદ તા. ૨૯ સપ્ટેમ્બર, ૧૯૨૯ના દિવસે ઈંદોરમાં તેમને ત્યાં પુત્રીનો જન્મ થયો. કર્ક, રાશિ પ્રમાણે હેમાને બદલે દીનાનાથ એ દીકરીને હૃદયા કહીને સંબોધે પણ માતાએ પુત્રીનું નામ લતા રાખવાનો આગ્રહ કર્યો અને ભવિષ્યમાં જ્યારે પુત્ર થશે ત્યારે તેનું નામ હૃદયનાથ રાખીશું. આમ હેમાનું નામ લતા રહ્યું.

દીનાનાથ સંગીત ઉપરાંત જ્યોતિષશાસ્ત્રના ઊંડા અભ્યાસી હતા. તેમણે લતાની જન્મકુંડળીનો અભ્યાસ કરીને પત્નીને કહ્યું, 'આપણી લતા હિંદુસ્તાનની બુલબુલ બની રહેશે.'

લતામાં થોડી સમજ આવી એટલે પિતાએ થોડું અક્ષરજ્ઞાન આપવાનું શરૂ કર્યું. લતાને ભણવામાં મજા આવતી. લતાને નજીકમાં આવેલી નિશાળમાં મૂકવામાં આવી. એક વખત લતા, નાની બહેન આશાને પણ ઊંચકીને નિશાળ લઈ ગઈ. શિક્ષકે આશાને ઘેર પાછી મૂકી આવવા લતાને ઠપકા સાથે કહ્યું. એટલે લતાને બહુ ખોટું લાગ્યું અને હઠ પકડી કે પોતે હવે નિશાળે ભણવા નહિ જાય. લતાને માતાપિતાએ ઘણું સમજાવ્યું પણ એ માનવા તૈયાર ન થઈ અને સ્વશિક્ષણથી પોતે ભણશે એમ જણાવ્યું.

લતાએ એટલું બધું વાંચ્યું-વિશ્વનું શ્રેષ્ઠ સાહિત્ય વાંચ્યું કે શાળા કે કૉલેજ ગયા વિના તેણે ઉચ્ચ કક્ષાનું જ્ઞાન મેળવી લીધું. સ્વશિક્ષણથી લતાએ સત્તરભાષાઓનું જ્ઞાન મેળવ્યું. ઘણી બધી યુનિવર્સિટીઓએ, જેમાં ન્યુયોર્ક યુનિ. નો પણ સમાવેશ થાય છે, લતાને માનદ ડૉક્ટરેટની ઉપાધિ આપી છે.

પિતા પાસેથી સંગીતની તાલીમ લતાએ બહુ સરસ રીતે મેળવી. એક વિદ્યાર્થી પુરિયા ધનાશ્રીનો અભ્યાસ કરી રહ્યો હતો. તેનું સાંભળીને સાત વર્ષની લતાએ તે મુજબ ગાઈને સંભળાવ્યું. એ જ સમયે પિતાજી આવી ચડતાં એ સાંભળીને તેમની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં.

લતા અભિનય કરવામાં પણ પાવરધી હતી. સોલાપુરમાં દીનાનાથ મંગેશકરની નાટ્યમંડળી એક પૌરાણિક નાટક ભજવવાની તડામાર તૈયારી કરતી હતી. જે કલાકાર નારદ બનવાનો હતો તે છેલ્લે સમયે બીમાર પડી ગયો. પિતાજીને ચિંતામાં જોઈને લતાએ કહ્યું કે નારદના બધા સંવાદ એને મોઢે છે. પિતાજીએ થોડીક ખાતરી કરી લીધા બાદ સાત

વર્ષની દીકરી પાસે નારદનો અભિનય કરાવ્યો. એ સફળ થતાં પુત્રીની હોશિયારીથી દીનાનાથની આંખમાં હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં.

તેર વર્ષની ઉંમર સુધીમાં લતાએ ત્રણ નાની બહેનો આશા, ઉષા અને મીના તેમ જ એક ભાઈ હૃદયનાથ સાથે ખૂબ તોફાન - મસ્તી કર્યા. માતાની સાથે મોસાળ થલનેર જવાનું લતાને ખૂબ ગમતું. એક કારણ એ પણ હતું કે ત્યાં નાની પણ બહુ સરસ ગાતી હતી. આમ, બાળપણનો સમય જોતજોતામાં પસાર થઈ રહ્યો હતો. ત્યાં તેર વર્ષની ઉંમરે લતા ઉપર દુઃખનો ડુંગર તૂટી પડ્યો, પિતાજી દીનાનાથનો દેહાંત થયો. મોસાળ ઉપર કોઈ અપેક્ષા રાખી શકાય તેમ ન હતું અને ઘરમાં કોઈ કમાઈને કુટુંબનું ભરણપોષણ કરે એવું કોઈ ન હતું.

લતાનાં તોફાનમસ્તી એકદમ અદશ્ય થઈ ગયાં. તે બહુ જ ધીર ગંભીર બની અને કુટુંબની જવાબદારી સંભાળવા પોતાની જાતને તૈયાર કરવા લાગી. પિતા કોઈ આર્થિક વારસો મૂકી ગયા ન હતા. ગરીબીમાં જીવન પસાર કરવાનો સમય આવી પહોંચ્યો હતો.

શરૂઆતમાં લતાને તેની અભિનય કળા મદદમાં આવી. માસ્ટર વિનાયક (ફિલ્મ અભિનેત્રી નંદાના પિતા)ને મળવા જ્યારે લતા ગઈ ત્યારે બાળકીની ભાવભરી વાણી અને આંખોમાં રહેલી તેજસ્વિતાની અસર વિનાયક ઉપર પડી.

સને ૧૯૪૨ માં 'પહિલી મંગળા ગૌર'માં લતાએ અભિનય આપ્યો, જે બહુ પ્રશંસા પામ્યો. તે પછી બીજા ઘણા અભિનય આપ્યા અને તેર વર્ષની ઉંમરે કુટુંબના કુલ છ સભ્યોનો ભાર ઉપાડવો શરૂ કર્યો. **એક મુલાકાતમાં લતાજીએ જણાવેલું કે ''મેં કાળી મજૂરી કરી'' અભિનય અને સંગીત - બંને વ્યાવસાયિક તપશ્ચર્યા હતી.** લતાએ આખા પરિવારને નભાવ્યો. નાનકડા ઘરમાંથી થોડા મોટા ઘરમાં જવાનું અને ભાઈબહેનો માટે શિક્ષણની તક ઊભી કરવી - બધું શક્ય બન્યું. ભાઈ હૃદયનાથને પણ અવાજની બક્ષિસ મળેલી એટલે લતાએ હૃદયનાથને સંગીતમાં પણ તૈયાર કરવા માંડ્યો.

**લતા કોઈ કાર્યક્રમમાં કે રેકૉર્ડિંગ માટે જાય ત્યારે ખુલ્લા પગે જાય કારણ કે સંગીતને તે ભક્તિ ગણે છે.** વ્યાવસાયિક જીવનની સાથે સાથે લતાએ પોતાના ઘણા બધા શોખોનો પણ એટલો જ વિકાસ કર્યો છે. લતાને રસોઈ કરવાનો શોખ છે. પોતે રસોઈ બનાવે ને બધાંને જમાડે એમાં એને રસ છે. વળી, રસોઈમાં મરચાંનો પણ ઉપયોગ કરે, એટલે ગળાની સંભાળ માટે કોઈ પૂછે તો લતા કહે કે હું કાંઈ સંભાળ રાખતી નથી. મારા પિતાના અને ભગવાનના આશીર્વાદ છે. લીલાં મરચાં તો લતા એમ ને એમ ખાઈ શકે છે. આઇસક્રીમ પણ ખાવાનો પસંદ પડે છે. લતાને ફોટોગ્રાફીનો પણ બહુ શોખ છે. તેની પાસે ઉત્તમ પ્રકારના કૅમેરા છે. ક્રિકેટમાં પણ રસ હોવાથી બધી જ ટેસ્ટ મેચ જોવાનું તે ચૂકતી નથી. જગવિખ્યાત લૉર્ડઝ્ સ્ટેડિયમ (ઇંગ્લૅન્ડ)માં લતાના નામની એક ગેલરી કાયમ માટે રીઝર્વ છે. આ ઉપરાંત, ફૂટબોલ, ટેનિસ જેવી રમતો પણ ગમે છે.

**જીવનમાં પળેપળનું મૂલ્ય છે.** એટલે સમય એશઆરામમાં જતો રહે એ લતાને પોસાતું નથી. જ્યારે પણ સમય મળે ત્યારે મનગમતી પ્રવૃત્તિઓ હાથ ધરી જ હોય. લતાના સ્વભાવમાં વિનોદ ભારોભાર ભરેલો છે. હસવું અને બીજાને હસાવવા તે તેના જીવનનો આનંદ છે. લતાની એક બીજી ખાસિયત એ છે કે તે ભલભલાની મિમિક્રી કરી શકે છે. ઘણી વાર રેકૉર્ડિંગ પછી લતા કલાકારો, ક્રિકેટરો, રાજકારણીઓ અને સહગાયકોની મિમિક્રી કરીને બધાને ખડખડાટ હસાવે છે. લતાની આ આવડત સૌ જાણતા હોઈ રેકૉર્ડિંગ પછી લતાને જલદી છોડતા નથી.

આખો દિવસ પોતે વ્યસ્ત હોવા છતાં કોઈ નજીકની વ્યક્તિ બીમાર છે કે મુશ્કેલીમાં છે એની ખબર લતાને પડે કે તુરંત જ એની ખબર કાઢી જ

હોય. આ કામને એ પ્રથમ મહત્ત્વ આપે છે. 'મધર ઈન્ડિયા'માં સફળ કામ કરીને મહેબૂબખાન બહુ પ્રખ્યાત બની ગયા. તેમને હાર્ટ એટેક આવ્યો. ત્યારે અમેરિકાની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. લતાને આ વાતની ખબર પડી. એ સમયે તો ડાયરેક્ટ ટ્રન્ક કૉલની સેવા શરૂ થઈ ન હતી. ઈન્ટરનેશનલ ઑપરેટર દ્વારા લતાએ મુંબઈથી અમેરિકા ફોન લગાડ્યો. ખબર અંતર પૂછ્યા પછી લતાએ કહ્યું કે મારા લાયક કંઈ કામ હોય તો ફરમાવો. મહેબૂબખાને કહ્યું કે મને તારું ગાયેલું ફિલ્મ ''ચોરી ચોરી''નું ''રસિકબલમા, હોય દિલ ક્યું લગાયા'' એ મારે સાંભળવું છે.''

લતાએ તો કોઈ પણ જાતના વાજિંત્ર વગર ટેલિફોન ઉપર ગીત ગાવા માંડ્યું. ઈન્ટરનેશનલ ટ્રન્ક ઑપરેટર પણ લતાને સાંભળવામાં ભાન ભૂલી ગયા કે ત્રણ મિનિટનો સમય તો પૂરો થઈ ગયો છે. વગર વાજિંત્રે પણ લતાનું ગાવાનું એટલું જ પ્રભાવિત કરે છે. એક બીજો પણ આવો પ્રસંગ છે. ગુલામ અલીખાને લકવો થયો. લતા ખબર કાઢવા ગયાં, તેમને તેમની લોકપ્રિય ઠુમરીઓ સંભળાવીને ખુશ કરી દીધા. ટૂંકમાં લતાનું સંગીત માંદાઓ માટે ઘડીભર ઔષધ સમું બની રહે છે.

લતા જ્યારે મુંબઈમાં આવ્યાં ત્યારે ફક્ત એક જ રૂમ ગામદેવી રોડ ઉપર ભાડે રાખે છે. આર્થિક સ્થિતિને કારણે એક ઓરડામાં માતા, ત્રણ બહેનો, ભાઈ હૃદયનાથ, બીજા નજીકનાં સગાં થઈને નવ સભ્યોએ રહેવા માંડ્યું હતું. એક જ ઓરડામાં રહેવાનું, ખાવાનું, સૂવાનું, રાત્રે બધો સામાન અધ્ધર ચઢાવીને નવ સભ્યોની સૂવાની વ્યવસ્થા કરવી પડતી.

લતાની કીર્તિ સાથે રોયલ્ટીની આવક પણ વધતી ચાલી. આજે તો સારા વિસ્તાર પેડર રોડ ઉપર ''પ્રભુકુંજ'' નામના સાત આઠ ઓરડાઓના ફ્લેટમાં રહે છે. પૂજાનો ઓરડો જુદો, સન્માનો, ટ્રૉફીઓ વગેરે એક ઓરડામાં છે. પુસ્તકાલયમાં પોતાના પસંદગીનાં પુસ્તકો છે. ગીતા, શ્રીઅરવિંદ શ્રીરામકૃષ્ણ, સ્વામી વિવેકાનંદનાં તેમ જ ક્રિકેટને લગત પુસ્તકો પણ છે. સંગીતની સાધના માટે અલગ ઓરડો છે. **લતાએ ક્યારેય હાર્મોનિયમનો ઉપયોગ કર્યો નથી.** બેઠકરૂમ મહેમાનો માટે સજાવેલો છે. આરામ માટે પુના જવાનું પસંદ હોવાથી ત્યાં પણ એક મકાન છે.

લતાને ઠંડી ગમે છે. લંડનમાં પોતાનો ફ્લેટ છે. રેકૉર્ડિંગની તારીખ અગાઉથી નક્કી કરાતી હોય છે, એટલે ક્યારે ક્યાં જઈ શકાય તેનું સમયપત્રક લતા ગોઠવી શકે છે. અઠવાડિયામાં એક દિવસ મહાલક્ષ્મીને મંદિરે દર્શન કરવા જાય છે.

**લતાનો પહેરવેશ બહુ જ મર્યાદાભર્યો રહે છે.** બોર્ડરવાળી સફેદ સાડીઓ જ તેને પસંદ છે. કપાળમાં લાલ ચાંદલો કાયમ હોય. શુકન અપશુકનમાં બહુ માને નહિ. છતાં અમાસને દિવસે રેકૉર્ડિંગ ન કરે.

લતાજી નાની ઉંમરે ચંદ્રક, ટ્રૉફી જીતેલાં. તે બધાંને બતાવે. એટલે પિતાજીએ સલાહ આપેલી કે કલાકારે ક્યારેય પોતાની સિદ્ધિથી ફુલાઈ જવું ન જોઈએ ! એ શિખામણ જીવનભર એમણે પાળી છે. ભારત સરકાર તરફથી સને ૧૯૬૯માં 'પદ્મભૂષણ', સને ૧૯૭૧માં 'પદ્મવિભૂષણ' અને ૨૦૦૧માં 'ભારતરત્ન'નાં સન્માન મળ્યાં છે. **'અય મેરે વતન કે લોગો' - એ દેશભક્તિનું ગીત લતાજીએ દિલ્હીમાં ગાયેલું ત્યારે જવાહરલાલ નહેરુની આંખમાંથી દડ દડ આંસુ વહી રહ્યાં હતાં.** નહેરુજીએ પોતાને ઘેર આવવા આમંત્રણ આપ્યું, એ અવસરે ઇંદિરાજી, રાજીવ વગેરેને મળી શકાયું. લતાને રાષ્ટ્રીય સન્માન અને ઍવોર્ડ્ઝ્ જે મલ્યાં છે તેની યાદી બહુ લાંબી છે.

પિતાજીના ઉપકાર ભુલાય તેમ ન હોઈ તેમની યાદમાં પૂનામાં દીનાનાથ કૅન્સર હૉસ્પિટલ ચલાવાય છે.

'ભારતરત્ન લતા મંગેશકર', પ્ર.આ.માંથી સાભાર સંકલિત અંશો.

# (૧૧) શ્રીનારાયણ સ્વામી : હિમાલયમાં આધ્યાત્મિક આયોજન

- ગૌતમ ઠાકર

પ્રાચીનકાળથી હિમાલય સંતો - મહાત્માઓ અને ઋષિ-મુનિઓનું નિવાસસ્થાન રહેલો છે. અસંખ્ય ઝબૂકતી વ્યક્તિઓએ માનવજાતને માર્ગદર્શન આપવા પોતાનામાંથી પ્રેરણાનાં અને પ્રકાશનાં દિવ્યકિરણો ફેંક્યાં છે. હિમાલયના તેજસ્વી, યશસ્વી, ગૌરવશાળી સંત પરમ પૂજ્ય શ્રીનારાયણ સ્વામી આમાંના એક હતા. લોકોની સેવા અને તેમનું આધ્યાત્મિક ઉત્થાન કરવાની પવિત્ર તક બહુ જૂજ વ્યક્તિઓને મળતી હોય છે. પરમેશ્વરની ગહન ઈચ્છા તેણે પસંદ કરેલા દૂતોને એવી જગ્યાએ મૂકે છે કે જ્યાં એ દૂતો તેઓની આસપાસના લોકોને મદદ, માર્ગદર્શન અને પ્રેરણા આપે છે. પૂજ્ય શ્રીનારાયણ સ્વામીને ભગવાન શિવના આ સ્થાન - હિમાલયમાં મૂકવામાં આવ્યા. જ્યાં પૂજ્ય સ્વામીજી બે દાયકા કરતાં વધારે સમય સુધી તેજસ્વી તારલાની જેમ ઝળહળતો પ્રકાશ પાથરતા રહ્યા.

હિમાચ્છાદિત હિમાલયમાં ૯ હજાર ફૂટની ઊંચાઈએ આવેલ એક અદ્‌ભુત જગ્યાએ પૂજ્ય શ્રીનારાયણ સ્વામીએ લોકકલ્યાણનું સાધન બનાવી પહાડી આદિવાસીઓની આરોગ્ય સેવા, શિક્ષણ સેવા અને નામ-સંકીર્તનની મસ્તી દ્વારા સેવા-સુવાસની અને ભાવ-મસ્તીની રેલમછેલ કરી મૂકી. મદદની જરૂરિયાતવાળા જે કોઈ તેમને મળ્યા તેવા લોકોની સેવા કરવી એ આ સંતની કુદરતી ખાસિયત હતી. અલ્મોડા અને પિથૌરાગઢ જિલ્લાના લોકોને માટે શિક્ષણ અને જનકલ્યાણકારી સંસ્થાઓની સ્થાપનાનું કામ તેમણે આરંભ્યુ. હિમાલયના ઊંચા શિખર પર આવેલા સ્થળ પર શ્રીનારાયણ આશ્રમ, ઉત્તરાખંડની જનતા માટે તો સર્વાંગી ઉન્નતિનું પ્રતીક આજે બની ગયું છે. હિમાલયના આ ક્ષેત્રના લોકોને આત્મનિર્ભર થવા માટે બહુ મદદ કરવાની સાથે પૂજ્ય સ્વામીજીએ ઘણી શાળાઓ શરૂ કરવામાં પણ મદદ કરી અને ઘણી શાળાઓને તેઓશ્રીએ ચલાવી. તદુપરાંત એક ડિગ્રી કૉલેજની સ્થાપના પણ કરી. ૧૯૩૬થી ૧૯૫૬ દરમ્યાન તેમણે આશ્રમ, વૈદ્યકીય વ્યવસ્થા, મફત દવાઓ પૂરી પાડવાનું કામ,સ્કૂલ, પાઠશાળાઓ, પાણીની વ્યવસ્થા, હોસ્ટેલની સુવિધા, લાઈબ્રેરી વગેરે સ્થાપી ઉમદા કામ કર્યું. પૂજ્ય સ્વામીજી, મહાત્મા ગાંધીના ખૂબ જ ચાહક હતા. તેમણે બાપુને નામે ૧૯૪૦માં એક ઈન્ટર મીડિએટ કૉલેજ હિમાલયમાં સ્થાપી. ૧૯૧૩માં કર્ણાટકમાં જન્મેલ સ્વામીજીએ આર્કિટ્રેક્ચરનો અભ્યાસ કરાંચી યુનિવર્સિટીમાંથી કર્યો અને શ્રીનારાયણ આશ્રમની સ્થાપના ૧૯૩૬માં કરી. આ આશ્રમમાં આધ્યાત્મિક અભ્યાસ, ભજન-કીર્તન ઉપરાંત સાધુ-સંતો, સાધકો જેઓ કૈલાસ માનસરોવરની યાત્રાએ જતા તેમને માટે અને પર્વતારોહણ કરનારાઓને માટે એક સ્થાન મળી રહે તે આશયથી શ્રીનારાયણ આશ્રમમાં વ્યવસ્થા ગોઠવી. તેઓ પોતે પણ કૈલાસ માનસરોવર દર વર્ષે જતા.

૯ હજાર ફૂટની ઊંચાઈએ આવેલ શ્રીનારાયણ આશ્રમમાં રોજ સાંજે પૂજ્ય સ્વામીજી સંકીર્તન કરતાં - કરતાં દિવ્ય ભાવસમાધિમાં સરી પડતા. કીર્તન સમયે બંને હાથમાં કરતાલ અને તેનો તાલબદ્ધ રણકાર વિઠ્ઠલ નારાયણના નામનું મુખથી સતત થતું રટણ અને એ એકાગ્રતામાંથી સમાધિભાવમાં સરી

જવું તે ખૂબ જ સ્વાભાવિક પ્રક્રિયા હતી. પ્રભુનું દિવ્ય નામ તેમના જીવનના શ્વાસોશ્વાસ સાથે જોડાયેલું હતું. ઈશ્વર સાથે ઐક્ય સાધવા અને કૈલાસ માનસરોવર જતા સાધુ-સંતોની સુવિધા માટે આશ્રમની સ્થાપના કરવાના ઉદ્દેશ સાથે આજુબાજુમાં વસતા પહાડી લોકોના શિક્ષણ અને સ્વાસ્થ્ય માટે શાળાઓ અને સેવાકેંદ્રો સ્થાપ્યાં. ૧૯૫૬માં કલકત્તા ખાતે તેમનો દેહવિલય થયો ત્યાં સુધી તેઓએ આ કાર્ય નિષ્ઠાથી ચાલુ રાખ્યું હતું. પૂજ્ય સ્વામીજીનું એક અલગારી અવધૂત જેવું જીવન, નામસ્મરણ અને પ્રેમભાવ એ જ એમનો સંદેશ.

પૂજ્ય શ્રીનારાયણનાં ઉદ્દેશો અને સત્કાર્યો શ્રી નારાયણ આશ્રમ ટ્રસ્ટ દ્વારા આજે પણ ચાલી રહ્યા છે અને જ્યારે પણ આશ્રમની મુલાકાત લઈએ ત્યારે આ મહાન સંતની સેવાસુવાસની અને ભાવમસ્તીની ઝાંખી થયા વગર રહેતી નથી. આશ્રમને ૨૦૧૧માં ૭૫ વર્ષ પૂરાં થયાં અને વર્ષ ૨૦૧૩ શ્રીનારાયણ સ્વામીનું જન્મશતાબ્દી વર્ષ છે. આ સમય દરમ્યાન આશ્રમના જ્ઞાનકેંદ્રો, લાઈબ્રેરી, મ્યુઝિયમ, ગૌશાળા, પોસ્ટઑફિસ વગેરેનું સંપૂર્ણ નવીનીકરણ, અદ્યતન સુધારા અને સુવિધાઓ વગેરે કાર્યક્રમોનું આયોજન ચાલી રહ્યું છે. આશ્રમની 'હેરિટેજ વેલ્યુ' સંપૂર્ણ રીતે સચવાઈ રહે તેનું ખાસ ધ્યાન રખાયું છે. આશ્રમ ૩૩ એકરમાં વિસ્તરેલો છે. આશ્રમની ફરતે ૧૦-૧૫ એકરમાં એક સુંદર આધ્યાત્મિક અરણ્ય નિર્માણ કરવાની યોજના કરવામાં આવેલી છે. ખાસ કરીને આધુનિક ઓર્ગેનિક ખેતી અને ''આધ્યાત્મિક અરણ્ય'' માટે ભારતની અનેક સંસ્થા સહાય કરી જરૂરી માર્ગદર્શન આપી રહી છે. પુરાણોમાં - શાસ્ત્રોમાં વર્ણવેલા અંદાજે ૨૫ પ્રકારનાં વૃક્ષો જેવાં કે દેવદાર, રૂદ્રાક્ષ, ભોજપત્ર, બદ્રી, નક્ષપ્રવક્ષો, તીર્થંકરવૃક્ષો ઓક, સાગ, સાલ, સીસમ વગેરેનો સમાવેશ આધ્યાત્મિક અરણ્યમાં કરવામાં આવશે. આધ્યાત્મિક અરણ્યના પ્રોજેક્ટમાં દરેક વૃક્ષદીઠ રૂ.૫૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજારનું યોગદાન આપવા ભક્તોને આમંત્રિત કરીએ છીએ. દરેક વૃક્ષો સાથે સંકળાયેલી અનેક જરૂરિયાતો જેવી કે લેન્ડસ્કેપ પ્લાનિંગ, નિષ્ણાતોનું માર્ગદર્શન, યોગ્ય બીજ અને છોડ મેળવવા, દરેક વૃક્ષનું ૩ થી ૫ વર્ષ જતન કરવું, વૃક્ષોના રક્ષણની વ્યવસ્થા કરવી વગેરે માટે સખત મહેનત અને ભંડોળની જરૂરિયાત આશ્રમને છે. આખા હિમાલયના વિસ્તારમાં આવું પ્રથમ આધ્યાત્મિક અરણ્ય થશે. નારાયણપ્રેમી ભક્તજનોએ ડિસેમ્બરના અંતમાં અમદાવાદ ખાતે સતત સત્સંગ - ભજન કરીને નારાયણ જયંતીનો ઉત્સવ ઊજવીને પરમ પૂજ્ય શ્રીનારાયણ સ્વામીની શતાબ્દી વર્ષનો શુભારંભ કર્યો છે ત્યારે આ પ્રવૃત્તિને શુભેચ્છા પાઠવવાની સાથે સાથ-સહકાર આપીએ તે જ યથાયોગ્ય ગણાશે.

વિશેષ જાણકારી માટે તેમ જ દાનભેટ ''શ્રીનારાયણ આશ્રમ ટ્રસ્ટના નામે નીચે જણાવેલ સરનામે મોકલી શકાશે.

(૧) શ્રી શૈલેષભાઈ મહાદેવિયા, ૫૧/૫૨ ઉમંગ, ૧૧૪, કાશીબાઈ નવરેજી માર્ગ, ગામદેવી પોલીસ સ્ટેશન પાસે, મુંબઈ ૪૦૦૦૦૭. ફોન : (૦૨૨) ૨૩૮૦૪૭૮૨/૨૨૬૬૦૬૪૧

(૨) શ્રી જિતેન્દ્ર સી. પરીખ, ૨૬, ગાંધી પુરુષોત્તમ પાર્ક, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : (૦૭૯) ૨૭૪૭૦૦૭૯. ❑



મૂળ વાત એ છે કે કામ કરતી વખતે અહંકાર અથવા તો બાહ્ય પ્રકૃતિને વશ થઈ ન જઈએ, એમ જો થાય તો પછી કામ તે સાધનાનો અંશ બની શકતું નથી, એ બીજા સામાન્ય કામ જેવું જ બની રહે છે.

કામ પણ આપણે સમર્પિત ભાવે અંદરમાંથી કરવાનું છે.

- શ્રીઅરવિંદ

'શ્રીઅરવિંદની બંગાળી રચનાઓ', પ્ર. આ., પૃ. ૨૧૪

**HARIBHAV JULY - 2013**

Regd. under RNI No. 65683/96 & Permitted to Post at AHD PSO
on 10th of every month under Postal Reg. No. GAMC/1208 / 2012-2014
issued by SSP AHD valid upto 31-12-2014
Licence to Post without Perpayment of postage No. CPMG/GJ/91/2012-2014
valid upto 30-6-2014



સંયમી અને સ્વચ્છંદીના, ભોગી અને ત્યાગીના જીવન વચ્ચે ભેદ હોવો જ જોઈએ. આંખનો ઉપયોગ બંને કરે. એક દેવદર્શન કરે, બીજો નાટકચેટકમાં. બંને કાનનો ઉપયોગ કરે. એક ઈશ્વર ભજન સાંભળે, બીજો વિલાસી ગીતોમાં મોજ માણે. બંને જમે. એક શરીરરૂપી તીર્થક્ષેત્ર નભાવવા પૂરતું દેહને ભાડું આપે, બીજો સ્વાદને ખાતર દેહમાં અનેક વસ્તુઓ ભરી તેને દુર્ગંધિત કરી મૂકે.

- ગાંધીજી

'સત્યના પ્રયોગો પુનર્મુદ્રણ-૨૦૦૨', પૃ. ૧૯૩

Printed and Published by **Prabhudas Jani,** on behalf of **' HARIWANI TRUST'**
11, Dada Rokadnath Society, Ahmedabad - 380 007,
Printed at **Sahitya Mudranalaya Pvt. Ltd.** Ahmedabad - 380 022.
Phone : 079- 25469101/2
Published at Ahmedabad. Editor : **Prabhudas Jani.**
**E-mail : harivanitrust@yahoo.com**
Designer : Mayur Jani / Mobile : 9428404443 / E-mail : janimj@yahoo.com